File Name
Grant In Aid - Gujarati
1992

ગુજરાત સરકાર

સમાજ સુરક્ષા ખાતાનો

# સહાયક અનુદાન નિયમસંગ્રહ

(ગ્રાન્ટ ઈન એઈડ કોડ)

## શ્રી આર. કે. શાહ સમિતિના અહેવાલ
## બાદ સરકારશ્રીએ કરેલ ઠરાવ સહિત

નિયામક, સમાજ સુરક્ષા ખાતુ, ગુજરાત રાજ્ય

અમદાવાદ

૧૯૯૨

# ગ્રાંટ ઈન એઈડ કોડ

(સહાયક ગ્રાંટ નિયમ સંગ્રહ) માં સમિતિની સમીક્ષા

બાદ સૂચિત સુધારા અને ભલામણો સહિતનો મુસદ્દો.

નિયામક, સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત રાજ્ય,

અમદાવાદ.

સમાજ સુરક્ષા ખાતા હેઠળની સ્વૈચ્છિક સંસ્થાઓ માટેના સહાયક અનુદાનના નિયમો/નવા સહાયક અનુદાન નિયમ સંગ્રહને મંજૂરી - આર.કે.શાહ કમિટિ રિપોર્ટ અન્વયે.

---



ગુજરાત સરકાર
**સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,**
ઠરાવ ક્રમાંક : અપગ/૧૦૯૨/મુ.મ.૨૦/છ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૨-૮-૧૯૯૨

પ્રસ્તાવના :

સમાજ સુરક્ષા ખાતા હેઠળની માન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ માટે વર્ષ ૧૯૬૮ નો ગ્રાન્ટ-ઈન-એઈડ કોડ તેમજ ત્યાર બાદ નાણાવટી સમિતિની ભલામણોના આધારે તેમાં કેટલાક ફેરફારો થયેલા છે, જે આ વિભાગના તારીખ : ૩-૬-૬૮ ના ઠરાવ ક્રમાંક : જીઆઈએ/૧૦૬૮/૬૧૪૯૪/છ તેમજ તા. ૩૦/૧૦/૮૬ ના ઠરાવ ક્રમાંક : જીઆઈએ/૧૦૮૪/ન-૩૯/છ થી બહાર પાડવામાં આવેલ છે તે અમલમાં છે, અને તદ્અનુસાર સંસ્થાઓને સહાયક અનુદાન ચૂકવવામાં આવે છે. સહાયક અનુદાનમાં પ્રસ્તુત ધારા-ધોરણોમાં વિસંગતતાઓ જણાતાં રાજ્યમાં સમાજ સુરક્ષા ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓના પ્રતિનિધિઓ તરફથી તેમાં ફેરફાર કરવા અવારનવાર રજુઆતો સરકાર સમક્ષ કરવામાં આવતી હતી. જેને ધ્યાનમાં લઈને બાળકો, મહિલાઓ, અંધ, અપંગ, બ્હેરા-મુંગા, માનસિક ક્ષતિવાળા બાળકો તેમજ વૃધ્ધો, અનાથ-નિરાધાર વ્યક્તિઓ અને અનાથ બાળકોની સંસ્થાઓ સહિત સમાજ સુરક્ષા ક્ષેત્રે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓને પડતી મુશ્કેલીઓ નિવારવા માટે પ્રવર્તમાન ગ્રાન્ટ-ઈન-એઈડ કોડની જોગવાઈઓની સમીક્ષા કરીને રાજ્ય સરકારને જરુરી અહેવાલ સુપ્રત કરવા સચિવશ્રી, સમાજ કલ્યાણના અધ્યક્ષપદે સરકારના પ્રતિનિધિઓ અને સંસ્થાના સંચાલકોના પ્રતિનિધિઓની એક સમિતિની રચના સમાજ કલ્યાણ વિભાગના તા:૧૮/૧/૯૧ ના ઠરાવથી કરવામાં આવી હતી. શ્રી આર. કે. શાહ, સચિવશ્રી, સમાજ કલ્યાણ વિભાગના અધ્યક્ષપણા હેઠળની આ સમિતિએ તા. ૨૭/૩/૯૨ ના રોજ તેનો અહેવાલ જરુરી ભલામણો સહિત રાજ્ય સરકારને સુપ્રત કરેલ છે.

ઠરાવ :

ઉપર્યુક્ત સમિતિએ સમાજ સુરક્ષા ખાતાની સંસ્થાઓ માટેના પ્રવર્તમાન ગ્રાન્ટ-ઈન-એઈડ કોડના નિયમો ગ્રાન્ટના પ્રકારો, ગ્રાન્ટના ધોરણો, વગેરેની સમીક્ષા બાદ સંસ્થાઓ માટે નવેસરથી ગ્રાન્ટ-ઈન-એઈડ કોડ તૈયાર કરીને સ્વીકારવા રાજ્ય સરકારને ભલામણ કરી છે. સમાજ સુરક્ષા

...૨..

૯



ખાતા હેઠળની સ્વૈચ્છિક સંસ્થાઓ માટે શ્રી આર.કે.શાહ સમિતિએ ભલામણ કર્યા મુજબનો નવા અનુદાન નિયમ સંગ્રહને સ્વીકારીને તેને આ ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓને લાગુ પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. યોગ્ય વિચારણાને અંતે સરકારે ઉક્ત સમિતિની ભલામણો સ્વીકારીને સમિતિએ સૂચવેલ નવો ગ્રાન્ટ-ઈન-એઈડ કોડ સંપૂર્ણપણે નીચેની શરતોને આધીન સ્વીકારવા નિર્ણય કરેલ છે.

(૧) પ્રસ્તુત નવો ગ્રાન્ટ-ઈન-એઈડ કોડ અમલમાં આવતાં, અગાઉના આ સંસ્થાઓને લગતા ગ્રાન્ટ અંગેના તમામ હુકમો આપો આપ રદ થશે.

(૨) ગ્રાન્ટ-ઈન-એઈડ કોડ હેઠળ આવરી લેવાયેલ સંસ્થાઓમાં વધારાના સ્ટાફની નવી જગ્યાઓ સુધારેલા ગ્રાન્ટ-ઈન-એઈડ કોડમાં કરવામાં આવેલ જોગવાઈઓના આધારે ઉભી કરવાની થાય તો તેવી જગ્યાઓ નિયામકશ્રી, સમાજ સુરક્ષાની પૂર્વ મંજુરી સિવાય ઉભી કરી શકાશે નહીં., નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ સ્ટાફમાં વધારો કરતાં પહેલાં રાજય સરકારની મંજુરી મેળવવાની રહેશે.

(૩) ગ્રાન્ટ-ઈન-એઈડ કોડ હેઠળની માનદ્વેતન સિવાયની પગાર ધોરણો સુધારવા સંબંધી જે જોગવાઈ થયેલી છે તે બાબત અલગ રીતે નાણાં વિભાગના પરામર્શમાં હાથ ધરવાની રહેશે. નાણાં વિભાગની મંજુરી મેળવ્યા બાદ જ તેનો અમલ થઈ શકશે.

૨/- આ આદેશો તા. ૧લી એપ્રિલ, ૧૯૯૨ થી અમલમાં આવશે.

૩/- નવા સહાયક અનુદાન નિયમ સંગ્રહની જરુરીયાત મુજબની નકલો છપાવવાની કાર્યવાહી નિયામક, સમાજ સુરક્ષાએ કરવાની રહેશે.

૪/- આ હુકમના આધારે થનાર વધારાનો ખર્ચ પણ ચાલુ નાણાંકીય વર્ષમાં અંદાજપત્રમાં સંબંધકર્તા સદર હેઠળ થયેલી જોગવાઈઓમાંથી તેમજ બાકીની જોગવાઈ પૂરક માંગણીથી મેળવવાની રહેશે. જે અંગે નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ યોગ્ય સમયે પૂરક માંગણી રજૂ કરવાની રહેશે.

૫/- આ ઠરાવ નાણાં વિભાગની તા. ૪-૮-૯૨ ની નોંધથી વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર મળેલ સંમતી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

સહી/-
(પી. એચ. વસાવા)
ઉપસચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

...૩..

## -: અનુક્રમણિકા :-


| અ.નુ. | વિભાગ | કલમ | વિષય | પાના નંબર |
|---|---|---|---|---|
| ૧. | ૧ | ૧ થી ૮ | માન્યતા | ૦૧ |
| ૨. | ૨ | ૯ થી ૧૧ | પ્રવેશ | ૦૬ |
| ૩. | ૩ | ૧૨ | પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તકો | ૦૭ |
| ૪. | ૪ | ૧૩ થી ૧૪ | નિવાસીઓ/લાભાર્થીઓનું આરોગ્ય | ૦૭ |
| ૫. | ૫ | ૧૫ થી ૨૭ | સ્ટાફ, રજા, વય નિવૃત્તિ વગેરે. | ૦૮ |
| ૬. | ૬ | ૨૮ થી ૩૦ | ગ્રાંટના પ્રકાર | ૧૨ |
| ૭. | ૭ | ૩૧ થી ૪૪ | નિભાવ ગ્રાંટનું ધોરણ | ૧૬ |
| ૮. | ૮ | ૪૫ થી ૪૮ | ગ્રાંટની પાત્રતા માટે શરત. | ૨૭ |
| ૯. | ૯ | ૪૯ | સાધન ગ્રાન્ટ | ૩૧ |
| ૧૦. | ૧૦ | ૫૦ થી ૫૨ | મકાન ગ્રાન્ટ તથા બાંધકામની જમીન માટેની ગ્રાન્ટ. | ૩૨ |
| ૧૧. | | ૫૩ થી ૫૪ | સમાજ સુરક્ષા નિયામકે અને ગ્રાંટ લેતી સંસ્થાઓએ રાખવાના હિસાબ. | ૪૧ |

**અનુસૂચિ - ક**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨. | | ૫૫, ૫૬ | ખર્ચની માન્ય અને અમાન્ય ઠરતી બાબતો. | ૪૧ |

### પરિશિષ્ટ : કર્મચારી વર્ગનો ઢાંચો

| | | | |
|---|---|---|---|
| કોઠો | ૧ | બાળરક્ષા ગૃહ (ઓબ્ઝર્વેશન હોમ) | ૦૧ |
| | ૨ | સમધારણ સંસ્થાઓ (ફીટ પર્સન સંસ્થાઓ) અને અનાથાશ્રમો. | ૦૨ |
| | ૩. | વૃધ્ધાશ્રમો | ૦૪ |
| | ૪. | ભિક્ષુકોના પુનઃસ્થાપના કાર્યક્રમ હેઠળ સ્વેચ્છાએ આશ્રય ઇચ્છતા વૃધ્ધ, નિરાધાર, અશક્તોને આશ્રય આપવા વૃધ્ધાશ્રમ જેવા ભિક્ષુક આશ્રય કેન્દ્રો. | ૦૫ |
| | ૫. | શારીરિક ક્ષતિવાળી અને મંદબુધ્ધિવાળી વ્યક્તિઓ માટેની સંસ્થાઓ/અપંગ વ્યક્તિઓ માટેની સંસ્થાઓ/અંધજનો માટેની સંસ્થાઓ/બહેરા મુંગા માટેની સંસ્થાઓ. | ૦૬ |
| | ૬. | રક્ષણાત્મક નિવારક ઉધ્ધાર ગૃહો (પ્રિવેન્ટીવ રૅસક્યુ સંસ્થાઓ) | ૦૮ |


..૨..

| અ.નું. | વિભાગ | કલમ | વિ ષ ય | પાના નંબર |
|---|---|---|---|---|
| | ૭. | | મહિલા મંડળો | ૦૯ |
| | ૮. | | બાળ માર્ગદર્શન કેન્દ્રો | ૧૦ |
| | ૯. | | કુટુંબ સલાહ કેન્દ્રો | ૧૦ |
| | ૧૦. | | માનસિક સ્વાસ્થ્ય કેન્દ્રો | ૧૧ |
| | ૧૧. | | શિશુ સંભાળ કેન્દ્ર (ઘોડિયા ઘર) (માત્ર સરકારી સંકુલો માટે) | ૧૧ |


## પ રિ શિ ષ્ટ


| | | | | |
|---|---|---|---|---|
| | ૧ | | સંસ્થા શરુ કરવા માટેની અરજીનું ફોર્મ | |
| | | ૧ (અ) | માન્યતા માટેની અરજીનું ફોર્મ. | |


૦૦૦૦૦

૦૦૦

૦

# ગુજરાત રાજ્યના અમદાવાદ ખાતેના સમાજ સુરક્ષા ખાતાનો

## સહાયક ગ્રાંટ નિયમ સંગ્રહ

6

| ક્રમ નંબર | વિષય | સુધારેલ સહાયક ગ્રાંટ નિયમો |
|---|---|---|
| ૧. | ૨. | ૩. |

<u>વિભાગ-૧ માન્યતા</u>

| | | |
|---|---|---|
| ૧. | **માન્યતા.** | ઓબ્ઝર્વેશન હોમ, ખાનગી પ્રમાણિત શાળાઓ, સમધારણ સંસ્થા, બાળ માર્ગદર્શન કેન્દ્ર, યુવક મંડળ, અપંગ અને મંદબુધ્ધિવાળા માટેની સંસ્થાઓ અને સંગઠનો, ઘરડાઘર અને અશકતાશ્રમ ખાનગી ધોરણે ચાલતાં રક્ષણગૃહ, અનાથાશ્રમ અને નિરાધાર સ્ત્રીઓ, બાળકો માટેનાં ગૃહ, કુટુંબ સલાહ કેન્દ્રો, માનસિક સ્વાસ્થ્ય કેન્દ્રો, ઘોડીયાઘર, બાળકેન્દ્રો, મહિલા મંડળો અને અહીં આપેલા નિયમોને અનુરુપ રહે તે શરતે સરકારી નાણાંમાંથી સહાયક ગ્રાંટ માટે સમાજ સુરક્ષા નિયામક જેને માન્ય ગણે તેવી સમાજ કલ્યાણની સંસ્થાકીય કે બિનસંસ્થાકીય પ્રવૃત્તિઓ જેવી સમાજ કલ્યાણની પ્રવૃત્તિઓ હાથ ધરતી સંસ્થાઓ માટે સમાજ સુરક્ષાની માન્યતા પ્રાપ્ત કરવી જરુરી છે. |
| ૨. | **સંસ્થાની શરુઆત અને માન્યતા માટે અરજી.** | સંસ્થા શરુ કરવા અને તેની માન્યતા મેળવવા માટેની અરજી, સંસ્થા શરુ થયાં પહેલાં અનુક્રમે પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ (૧)(અ) મુજબ નિયત કરેલા ફોર્મમાં સમાજ સુરક્ષા નિયામકને કરવાની રહેશે. |
| ૩. | **માન્યતાની શરતો** | માન્યતા મેળવવા ઈચ્છતી કોઈપણ સંસ્થાએ સમાજસુરક્ષા નિયામકને નીચેની શરતો અંગે સંતોષ થાય તેમ કરવાનું રહેશે :-<br>(૧)તે વિસ્તારમાં સંસ્થાની જરુર છે અને એ જ વિસ્તારની એવી કોઈ બીજી ચાલુ સંસ્થાની સાથે અનિચ્છનીય સ્પર્ધામાં ઉતરવાનું થતું નથી.<br>(૨)સંસ્થા ૧૮૬૦ના ભારતીય મંડળી નોંધણી અધિનિયમ અથવા ૧૯૫૦ના મુંબઈ જાહેર ટ્રસ્ટ અધિનિયમ હેઠળ રજીસ્ટર થયેલી છે.<br>(૩)તેની નાણાકીય સ્થિતિ સધ્ધર છે અને ખર્ચને પહોંચી વળવા માટે ચોકકસ સાધનો ધરાવે છે. |

...૨..

| १. | २. | ३. |
|---|---|---|
| | | (४) તેનાં મકાનમાંના નિવાસીઓ/લાભાર્થીઓની સલામતીની યોગ્ય જોગવાઈ સહિત તે જગ્યા આરોગ્યપ્રદ હવા ઉજાસવાળી છે અને નિવાસીઓને રહેવાની, ફર્નીચરની અને મનોરંજનની પૂરતી સગવડ ધરાવે છે. |
| | | (૫) સમાજસુરક્ષા નિયામક વખતોવખત ઠરાવે તેવા શિસ્તના સામાન્ય નિયમોનું સંસ્થાના સંચાલક મંડળ તેમજ નિવાસીઓ દ્વારા પાલન થશે તેનો સમાજસુરક્ષા નિયામકને સંતોષ થાય તેવાં પગલાં લેવાને સંસ્થા બંધાય છે. |
| | | (૬) નિવાસીઓ/લાભાર્થીઓની કાળજી, શિક્ષણ, તાલીમ અને કલ્યાણને લગતા સમાજ સુરક્ષા નિયામકે ઠરાવેલા કે બીજા કોઈ સત્તા ધરાવતા અધિકારીએ વખતોવખત બહાર પાડેલા નિયમોનું પાલન કરવા સંસ્થા બંધાય છે. |
| | | (૭) ગ્રાંટ છુટી કરાય તે પહેલાનાં છ મહિના સુધી સંસ્થા સતત અને સંતોષકારક રીતે ચાલી રહી છે. સિવાય કે કોઈ હયાત માન્ય સંસ્થા તેનો બીજો વિભાગ શરુ કરવા માગે તો તે માટે સમાજ સુરક્ષા નિયામકને યોગ્ય જણાય તો શરુઆતથી ગ્રાંટ છુટી કરી શકાશે. |
| | | (૮) આ નિયમોમાં ખાસ જોગવાઈ કરી ન હોય તો અપંગો માટેની હોય તે સિવાયની કોઈપણ સંસ્થા, ઓછામાં ઓછા ૨૫ નિવાસીઓની સંખ્યા ન ધરાવતી હોય તો સહાયક ગ્રાંટ માટે માન્ય ઠરશે નહિં. અપંગો માટેની યોજના હેઠળ શરુ કરાયેલી સંસ્થાની બાબતમાં નિવાસીઓની ઓછામાં ઓછી સંખ્યા ૧૫ ની રહેશે. સરકારની ખાસ મંજુરીથી જ આ મર્યાદામાં છુટ મૂકી શકાશે. પરંતુ કાયદા હેઠળ મંજુર કરેલ સંસ્થાને ૨૫ કે ૧૫ ની ઓછામાં ઓછી સંખ્યાનો બાધ નડશે નહિ. |
| | | (૯) (૧) સમાજસુરક્ષા નિયામકે ઠરાવેલ શિક્ષણની એટલે કે અક્ષરજ્ઞાનની, ઉદ્યોગની, ધંધાકીય તાલીમની જોગવાઈ કરવા સંસ્થા બંધાય છે. |

...३..

૧૩

| ૧. | ૨. | ૩. 7 |
| --- | --- | --- |

(૯)(૨)શિક્ષક વર્ગ તથા બીજા દેખરેખ અધિકારીઓ યોગ્યતા ધરાવે છે અને ઠરાવેલ લાયકાત ધરાવે છે અને તે પૂરી સંખ્યા છે અને (૩) સંસ્થા રોજગાર માટે અયોગ્ય હોય તેવા કોઈ સભ્યને નોકરીએ રાખતી નથી. વ્યક્તિની અયોગ્યતા અંગેનો સમાજસુરક્ષા નિયામકનો નિર્ણય આખરી ગણાશે. 7

(૧૦)પગાર ધોરણ અને ભથ્થાં સમાજસુરક્ષા નિયામકે વખતોવખત બહાર પાડેલ સૂચના અનુસાર છે અને સંચાલક મંડળ, વિભાગે ઠરાવેલ પગાર ધોરણ અને ભથ્થાં અપનાવવા બંધાય છે.

(૧૧)૧૮ વર્ષની નીચેની વયની કોઈ વ્યકિતને સંસ્થા પાર્ટટાઈમ કે પૂરા સમય માટે નોકરીએ રાખશે નહીં, તેમજ સરકારશ્રી કે સમાજસુરક્ષા ખાતા તરફથી વખતોવખત નક્કી કરવામાં આવે તે પધ્ધતિ અનુસાર ભરતી કરવા સંસ્થા બંધાય છે.

(૧૨)સંસ્થા સમાજસુરક્ષા નિયામક મંગાવે તેવી સઘળી માહિતી પૂરી પાડવા બંધાય છે અને સમાજસુરક્ષા નિયામકની કચેરી ધ્વારા વખતોવખત ઠરાવેલ પત્રક તે પૂરાં પાડશે.

(૧૩)સમાજસુરક્ષા નિયામક કે રાજયસરકારના કોઈ અધિકારી, કોઈ તપાસણી અધિકારી કે ઓડિટ અને હિસાબ અધિકારી કે સમાજસુરક્ષા નિયામકે નિયુકત કરેલ બીજા કોઈ અધિકારીની તપાસણી માટે સંસ્થા ખુલ્લી રાખવામાં આવશે.

(૧૪)આહાર, પોષાક, મકાન સ્વચ્છતા, તબીબી સારવાર અને બીજી સવલતો માટે સમાજ સુરક્ષા નિયામક ધ્વારા વખતોવખત ઠરાવાતા ધારાધોરણનું પાલન કરવા સંસ્થા બંધાયેલ છે.

(૧૫) આવી સંસ્થાના હિસાબનું, સમાજ સુરક્ષા નિયામક ધ્વારા કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ધ્વારા અને સમાજસુરક્ષા

| ૧. | ૨. | ૩. |
|---|---|---|
| | | નિયામક મંજુર કરે તવી બીજી વ્યક્તિઓ ધ્વારા ઠરાવેલ રીતે અને ફોર્મમાં વાર્ષિક ઑડિટ કરવામાં આવશે અને આવી સંસ્થાઓએ સમાજસુરક્ષા નિયામકની કચેરીમાં સંસ્થાનાં સરવૈયાની છેલ્લી તારીખથી ૩ મહિનાની અંદર, ઑડિટરના રિપોર્ટ સાથે હિસાબના ઑડિટ કરેલ પત્રકની નકલ મોકલવાની રહેશે.<br>(૧૬) આવર્તક કે અનાવર્તક ગ્રાંટ મેળવતી સંસ્થાઓ ગુજરાત રાજ્યના એકાઉન્ટન્ટ જનરલના ઑડિટને પાત્ર રહેશે અને આવી ગ્રાંટ મેળવતી સંસ્થાઓએ તેમનો હિસાબ એકાઉન્ટન્ટ જનરલ માગે તેમ અને ત્યારે ચકાસણી માટે રજુ કરવાના રહેશે.<br>(૧૭) સંસ્થાને જણાવવામાં આવે ત્યારે તેની વ્યવસ્થાપક સમિતિના સભ્ય તરીકે સરકારી નિયુકત સભ્યને સ્વીકારવા તે સંમત થશે.<br>(૧૮) બધી માન્ય સંસ્થાઓ તેમની પ્રવૃત્તિઓનો વાર્ષિક અહેવાલ અને તેમના હિસાબ, સમાજ સુરક્ષા નિયામકને વર્ષમાં એકવાર રજુ કરશે.<br>(૧૯) બધી માન્ય સંસ્થાઓ સાધનસામગ્રી, દસ્તાવેજ, કાગળો વગેરે જેવી વસ્તુઓ વિભાગીય કે જિલ્લા અધિકારી તપાસ વખતે માગે ત્યારે રજુ કરશે.<br>(૨૦) માન્ય સંસ્થાઓ કોઈ ખાસ ધર્મનું શિક્ષણ આપશે નહીં અને તે ધર્મ, જ્ઞાતિ, સંપ્રદાય, કોમ, વસવાટ કે ધર્મના કોઈ પ્રતિબંધ વિના સૌ માટે ખુલ્લી રહેશે. |
| ૪. | જોગવાઈ અને કાયમી માન્યતા | (૧) માન્યતાની શરતો પૂરી કરે એ શરતે સંસ્થાને ત્રણ વર્ષ સુધી વરસો વરસ માન્યતા અપાશે. ઉપરના નિયમ-૩ હેઠળ જરુરી બનતી શરતોનું પાલન કરવાનું તેઓ ચાલુ રાખે એ શરતે આ મુદત પૂરી થતાં તેઓને કાયમ માટે માન્યતા આપી શકાશે. |
| ૫. | પત્રવ્યવહારની પધ્ધતિ. | (૧) આ રીતે માન્ય કરાયેલ બધી સંસ્થાઓ જેનું નામ અને સરનામું સમાજ સુરક્ષા નિયામક કચેરી સાથે |

૧૫

| ૧. | ૨. | ૩. ૪ |
|---|---|---|

પત્રવ્યવહાર કરનાર તરીકે કામગીરી કરશે તેવો એક વ્યક્તિને નિયુક્ત કરશે. પત્રવ્યવહાર કરનારના નામ અને સરનામામાં થયેલ કોઈ ફેરફારની સમાજ સુરક્ષા નિયામકને જાણ કરવાની રહેશે. સંસ્થા ધ્વારા કોઈ વ્યક્તિને પત્રવ્યવહાર અર્થે અધિકૃત ન કરાઈ હોય તો, સંસ્થાના વડા પત્રવ્યવહાર કરવા માટે અધિકૃત વ્યક્તિ ગણાશે.

(૨) પત્રવ્યવહાર કરનાર વ્યક્તિ બદલાય ત્યારે નવા પદધારીનું નામ અને સરનામું સમાજ સુરક્ષા નિયામકને જણાવવું જોઈશે.

૬. **ફંડમાં ફાળો**

(૧) સંસ્થામાં પ્રવેશ કે સંસ્થામાંથી અન્ય કોઈ લાભ આપવાની પૂર્વ શરત તરીકે નિવાસીના માતા-પિતા કે વાલી પાસેથી રોકડ કે ચીજ વસ્તુના રૂપમાં કોઈ ફાળો, દાન વગેરે સંસ્થા સ્વીકારી શકશે નહીં.

પરંતુ સંસ્થા નિવાસીઓના માતા-પિતા કે વાલી પાસેથી કેવળ સ્વૈચ્છિક ધોરણે કોઈ ફાળો, દાન વગેરે મેળવે તેમાં કશો હરકત નથી. આ ફાળો કે દાન સ્વૈચ્છિક રીતે મેળવ્યા અંગેના વિવાદના કિસ્સામાં યોગ્ય તપાસ બાદ, સમાજ સુરક્ષા નિયામકનો નિર્ણય આખરી ગણાશે.સંસ્થા તેની કલ્યાણ પ્રવૃત્તિઓ અને વિસ્તરણ કાર્યક્રમ માટે જુદા જુદા સાધનો મારફત જાહેર ફાળા ધ્વારા નાણાં ઉભા કરી શકશે. પરંતુ આ રીતે મળતાં નાણાં તેના વાર્ષિક હિસાબમાં બતાવવાના રહેશે અને રાજય સરકાર પાસેથી ગ્રાંટ માટેનીદરખાસ્તનો વિચાર કરતી વખતે વિભાગ તેને વિચારણામાં લેશે. અનાજના સ્વરૂપમાં મળેલ દાન, ગ્રાંટ ગણતરી સમયે, આવક તરીકે બાદ કરવામાં આવશે નહીં. તિથિ ભંડોળ તરીકે દાનમાં મળેલ રકમ જેના વ્યાજનો ઉપયોગ અંતેવાસીઓને ભોજનના હેતુ માટે કરવામાં આવતો હોય તો તે રકમ આવક તરીકે ગણી ગ્રાંટમાંથી બાદ કરવામાં આવશે નહીં.

..૬...

| ૧. | ૨. | ૩. |
| --- | --- | --- |
| | | (૨) કોઈ સંસ્થા ફંડ એકઠું કરવા માટે નિવાસીઓને કામે લગાડી શકશે નહીં. |
| ૭. | માન્યતા પાછી ખેંચવા બાબત. | (૧) સમાજ સુરક્ષા નિયામકના અભિપ્રાય મુજબ કાયમી માન્યતા અપાયેલ સંસ્થા સહિત કોઈ સંસ્થા, માન્યતાની કોઈપણ શરતનું પાલન કરતી બંધ પડી હોય ત્યારે અથવા સંસ્થા તેના મૂળભૂત હેતુઓ સિધ્ધ કરવામાં મહદ્ અંશે નિષ્ફળ નીવડી હોય, અથવા તેમની માન્યતા ચાલુ રાખવી અંતેવાસીઓના વ્યાપક હિતમાં અનુચિત જણાતી હોય ત્યારે સમાજ સુરક્ષા નિયામક સંસ્થાની માન્યતા પાછી ખેંચી લેશે. માન્યતા પાછી ખેંચી લેતાં પહેલાં નિયામક, સંચાલક મંડળને તેની કસૂર અને ક્ષતિઓને ખુલાસો કરવાની તક આપશે . ખાસ સંજોગોમાં પુનર્વિચારણા માટે વ્યાજબી કારણો જણાય તો સંસ્થા સમાજ સુરક્ષા નિયામકના નિર્ણય સામે રાજય સરકારને અપીલ કરી શકશે. |
| ૮. | મેનેજમેન્ટમાં ફેરફાર. | (૧) સંસ્થાના મેનેજમેન્ટમાં ફેરફાર કરવાનું વિચારાયું હોય ત્યારે તેવો ફેરફાર કરવા માટે સમાજ સુરક્ષા નિયામકને એક માસની અંદર જાણ કરવાની રહેશે.<br>(૨) સમાજ સુરક્ષા નિયામકની પરવાનગીથી ફેરફાર કરવાનો હોય ત્યારે સમાજ સુરક્ષા નિયામક અન્યથા ફરમાવે તે સિવાય ગ્રાંટ માટે સદરહુ સંસ્થા જુની સંસ્થા ગણાશે.<br>(૩) મેનેજમેન્ટ સમાજ સુરક્ષા નિયામકની પૂર્વમંજુરી સિવાય સંસ્થાના સ્થળમાં ફેરફાર કરશે નહીં. |
| | | **વિભાગ-૨ : પ્રવેશ :** |
| ૯. | પ્રવેશ અંગેના નિયમોનું પાલન. | બધી માન્ય સંસ્થાઓએ નિવાસી/લાભાર્થીના પ્રવેશનું નિયમન કરવા માટે વખતોવખત સમાજસુરક્ષા નિયામક ધ્વારા ઠરાવેલ નિયમોનું પાલન કરવાનું રહેશે. જે તે સંસ્થાએ અંતેવાસી/લાભાર્થીને પ્રવેશ આપતાં પહેલાં બીજી સંસ્થામાં ઔદ્યોગિક તાલીમ મેળવેલ નથી તેની ખાત્રી કરી લેવાની રહેશે. |

..૭...

| ૧. | ૨. | ૩. ૭ |
|---|---|---|
| ૧૦. | **પ્રવેશની ના પાડવા બાબત.** | કોઇ નિવાસી/લાભાર્થી અમુક કોમ, જ્ઞાતિ, ધર્મનો છે કે અમુક સ્થળે વસવાટ ધરાવે છે એ જ કારણસર તેને કોઇ માન્ય સંસ્થામાં પ્રવેશની ના પાડી શકાશે નહીં. |
| ૧૧. | **પ્રવેશ માટે અરજી.** | વિદ્યાર્થી સગીર હોય તો તેના માતાપિતા અથવા વાલીએ નહિતર તેણે પોતેજ સંસ્થાના વડાને પ્રવેશ માટે અરજી કરવાની રહેશે. નીચેના જેવા ખાસ સંજોગોમાં સંસ્થા સમાજ સુરક્ષા નિયામક ધ્વારા ભલામણ કરવામાં આવેલ વ્યક્તિને પ્રવેશ આપશે જેવાં કે (૧) ઉમેદવારની નબળી આર્થિક સ્થિતિ (૨) સંસ્થાના સંચાલક મંડળનો સંપર્ક સાધવામાં અથવા બીજી સરકારી કે બિનસરકારી સંસ્થામાંથી બદલી, વાલીની નબળી માનસિક અને શારીરિક સ્થિતિ (૩) વાલી વિનાની વ્યક્તિ. |

<u>વિભાગ-૩ : પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તકો</u> :

| | | |
|---|---|---|
| ૧૨. | **પાઠ્યક્રમ.** | માન્ય સંસ્થાઓએ, લાગુ પડતું હોય ત્યાં, સમાજસુરક્ષા નિયામકે વખતોવખત ઠરાવેલા પાઠ્યક્રમ, પાઠ્યપુસ્તકો અને તાલીમને અનુસરવાનું રહેશે. |

<u>વિભાગ-૪ : નિવાસીઓ/લાભાર્થીઓનું આરોગ્ય</u> :

| | | |
|---|---|---|
| ૧૩. | **નિવાસીઓનું આરોગ્ય અને સુખાકારી.** | દરેક નિવાસીઓનું આરોગ્ય ઘણું અગત્યનું છે. તેથી સંસ્થાએ તેમના આરોગ્યમાં વધારો કરતી પ્રત્યેક બાબત પરત્વે લક્ષ આપવું જોઇએ અને તેમને આરોગ્ય વિષે સભાન કરવા જોઇએ. સંસ્થાએ નીચેની બાબતો પરત્વે ખાસ લક્ષ આપવું જોઇએ.<br>(૧) નિવાસીનું/લાભાર્થીનું અંગત અને સામાજીક આરોગ્ય.<br>(૨) ખુલ્લી હવામાં રમવાની રમતો સહિત વ્યાયામ. |
| ૧૪. | **તબીબી તપાસ.** | (૧) સંસ્થામાં દાખલ થતી વખતે અને ત્યાર પછી દર વર્ષે ઓછામાં ઓછી એક વાર નિવાસીની વિગતવાર તબીબી તપાસ કરવી જોઇએ.<br>(૨) તબીબી તપાસમાં નિવાસીનું/લાભાર્થીનું આરોગ્ય ખામીવાળું જણાય તો તેમને યોગ્ય તબીબી સહાય મળતી થાય તેમ કરવું. |

...૮...

| ૧. | ૨. | ૩. |
|---|---|---|
| | | (૩) રાબેતા મુજબની તબીબી તપાસ ઉપરાંત નિવાસી/લાભાર્થીના ઉંચાઈ અને વજન ત્રણ મહિનાથી ઓછા નહીં તેવા નિયમિત સમયાંતરે લેવાવા જોઈએ અને ધોરણસરની પ્રગતિ કરવા તબીબી દ્રષ્ટિએ જરુર દર્શાવતા નિવાસીનો કેસ સંબંધિત તબીબી અધિકારીના ધ્યાન પર લાવવો જોઈએ. |
| | | (૪) દરેક નિવાસીની/લાભાર્થીની તબીબી તપાસનું રેકર્ડ નિયત ફોર્મમાં રાખવું જોઈએ. |
| | | (૫) સંસ્થાએ તેની જરુરત અનુસાર પૂરા સમયની/પાર્ટટાઈમની એક તબીબી વ્યકિતને સ્ટાફમાં રાખવી જોઈએ કે જેથી નિવાસીને/લાભાર્થીને ગમે ત્યારે તબીબી મદદ મળી શકે. |

**વિભાગ-૫ : સ્ટાફ, રજા, વયનિવૃત્તિ વગેરે :**

| | | |
|---|---|---|
| ૧૫. | **પૂરતો સ્ટાફ** | સંસ્થાના સંચાલક મંડળે સમાજ સુરક્ષા નિયામક વખતોવખત નિયત કરે તે પ્રમાણે લાયકાત ધરાવતો સ્ટાફ રાખવાનો રહેશે. |
| ૧૬. | **શિક્ષકોને તાલીમ માટે મોકલવા બાબત.** | સમાજ સુરક્ષા નિયામક વખતોવખત જણાવે તે પ્રમાણે સંચાલક મંડળે તાલીમ નહીં પામેલ સ્ટાફને તાલીમ માટે મોકલવાનો રહેશે. |
| ૧૭. | **શૈક્ષણિક અને વ્યવસાય વિષયક લાયકાત.** | સંસ્થાના સ્ટાફમાં કોઈપણ વ્યકિતની નિમણૂંક સમાજસુરક્ષા નિયામકની મંજુરીને આધીન રહીને રહેશે અને આવી વ્યકિત સમાજ સુરક્ષા નિયામકે નિયત કરેલી જરુરી શૈક્ષણિક અને વ્યવસાય વિષયક લાયકાત ધરાવતી હોવી જોઈએ. મદદનીશ શિક્ષક અને ગૃહમાતા તથા ચોકીદાર, રસોઈયા, સ્વીપર, આયા વગેરેના કિસ્સામાં વયમર્યાદા ૧૮ થી ૪૦ વર્ષની રહેશે. |
| ૧૮. | **તાલીમબધ્ધ શિક્ષકની લાયકાત.** | સમાજ સુરક્ષા નિયામકે નિયત કરેલ વ્યવસાય વિષયક લાયકાત ધરાવતો શિક્ષક તાલીમબધ્ધ શિક્ષક ગણાશે. |

...૯..

૧૯

| ૧. | ૨. | ૩. 10 |
| --- | --- | --- |
| ૧૯. | **પ્રોવિડન્ડ ફંડ.** | પ્રોવેશનર હોય તેવા અને જેમને કાયમી બનાવવામાં આવ્યા હોય તેવા દરેક કર્મચારીએ સમાજ સુરક્ષા નિયામકે નિયત કરેલ નિયમો અનુસાર પ્રોવિડન્ટ ફંડમાં ફાળો ભરવાનો રહેશે. |
| ૨૦. | **શિસ્તના નિયમો.** | બધા કર્મચારી સરકાર ધ્વારા વખતોવખત ઠરાવાતા શિસ્ત અને વર્તણુંકના સામાન્ય નિયમો અને ખાતા ધ્વારા વખતોવખત બહાર પડાતા અથવા સરકારે નિયત કરેલ સામાન્ય નિયમોથી અસંગત ન હોય તેવા બીજા નિયમો અને સૂચનાઓને આધીન રહેશે. |
| ૨૧. | **ખાનગી વ્યવસાય અને અભ્યાસ પ્રવૃત્તિઓ.** | બધા કર્મચારીઓએ તેમની નોકરીની મુદત દરમિયાન સંસ્થાના વડાના હુકમ હેઠળ પ્રામાણિકતાથી અને કાર્યદક્ષતાથી નોકરી કરવાની રહેશે અને સંચાલક મંડળની પૂર્વ મંજુરી સિવાય તેમાંથી આપમેળે કે અન્યથા સીધી કે આડકતરી રીતે કોઈ વેપાર કે વ્યવસાય કરી શકાશે નહીં, તેમાં હિત સંબંધ રાખી શકાશે નહીં, કે કોઈ પરીક્ષામાં બેસવા કોઈ શૈક્ષણિક અભ્યાસક્રમ માટે સત્ર ભરી શકાશે નહીં. |
| ૨૨. | **નોકરીની શરતોનો ભંગ.** | નિર્દિષ્ટ કરેલ નોકરીની શરતો અને નિયમોનો કોઈ કર્મચારી ભંગ કરે તેવા પ્રસંગે સંસ્થાના સત્તાધિકારીઓ તેની પાસેથી લેખિત ખુલાસો મેળવી અને તપાસ ચલાવી તેને ચેતવણી આપવા દંડ કરવા અથવા એક વર્ષથી વધુ નહીં તેવી મુદત માટે તેનો બઢતી અથવા ઈજાફો અટકાવવા હકકદાર છે. |
| ૨૩. | **રજા.** | (૧) હકની રુએ રજા માંગી શકાતી નથી. રજા નામંજુર કરવાનું અથવા આપેલી રજા રદ કરવાનું સંસ્થાના વડાની વિવેકબુધ્ધિ પર આધારીત રહેશે. (૨) પરચુરણ રજા, ચઢેલી રજા, અર્ધ સરેરાશ પગારે રજા, રુપાંતરીત રજા, પ્રસુતિ રજા અને બિન પગારી રજા ૯મી ઓગષ્ટ, ૧૯૩૧ના રોજ કે તે પછી નિમાયેલ સરકારી કર્મચારીઓને લાગુ પડતા મુંબઈ મુલકી સેવા નિયમો પ્રમાણે સ્ટાફના સભ્યોને મળશે. |

...૧૦..

૨૭



| ૧. | ૨. | ૩. |
|---|---|---|
| ૨૪. | **નોકરીનો અંત.** | એક અંગ્રેજી માસની નોટીસ આપીને અથવા નોટીસને બદલે નોટીસની મુદત માટે પગાર (પગાર અને ભથ્થાં હોય તો) આપીને કોઈ કારણ આપ્યા સિવાય કોઈપણ સમયે સંચાલક મંડળ બિન કાયમી કર્મચારીનો નોકરીનો અંત લાવી શકશે. |
| ૨૫. | **શારીરિક શિક્ષણ.** | સ્ટાફનો કોઈ સભ્ય કોઈ સંસ્થામાં કોઈપણ કારણસર કોઈ નિવાસીને શારીરિક શિક્ષા કરી શકશે નહીં. |
| ૨૬. | **રાજકીય પ્રવૃત્તિઓ.** | (૧) ૧૦૦ ટકા ગ્રાંટ મેળવતા સહાયક ગ્રાંટ સંસ્થાઓના કર્મચારી કોઈપણ રાજકીય પક્ષનો કે કોઈપણ મંડળ જે સામાન્ય રીતે રાજકારણમાં ભાગ લેતાં હોય તો સભ્ય બનો નહીં શકે અથવા તેની મદદમાં આવી નહીં શકે કે કોઈપણ રીતે કોઈપણ રાજકીય ચળવળ કે પ્રવૃત્તિમાં મદદ કરી શકે નહીં.<br>(૨) જો કોઈપણ પ્રશ્ન ઉદ્‌ભવે કે પક્ષ રાજકીય પક્ષ છે કેમ અથવા કોઈ મંડળ રાજકારણમાં ભાગ લે છે કે કેમ, અથવા કોઈપણ ચળવળ કે પ્રવૃત્તિમાં નિયમની કાર્યક્ષેત્રની સીમામાં આવે છે કે કેમ તે અંગેનો સમાજ સુરક્ષા નિયામકનો નિર્ણય અંતિમ ગણાશે.<br>(૩) ૧૦૦ ટકા ગ્રાંટ મેળવતી કોઈપણ સહાયક ગ્રાંટ સંસ્થાઓનો કર્મચારી ધારાસભાની કે સ્થાનિક ચુંટણીમાં સીધી કે આડકતરી રીતે પ્રચાર અથવા અન્ય રીતે દખલ કરવી કે કોઈપણ તેની વગનો ઉપયોગ કે કોઈપણ કાર્યમાં ભાગ લઈ શકશે નહીં, સિવાય કે,<br>સહાયક ગ્રાંટ સંસ્થાઓનો કર્મચારી આવી ચુંટણીમાં મત આપવાના હકકનો ઉપયોગ કરી શકશે, પરંતુ તે અંગે સીધો કે આડકતરો પ્રચાર કરી શકશે નહીં.<br>(૨) ૧૦૦ ટકા ગ્રાંટ મેળવતી સહાયક ગ્રાંટ સંસ્થાઓના કર્મચારીએ જો તેણે સરકારી આદેશથી અથવા તે |

૧. ૨. ૩. ॥

સમયે અમલી હોય તે કાયદા હેઠળ તેના પર ચુંટણી સંચાલનમાં સોંપવામાં આવેલ જવાબદારી બજાવવા માટે આવી સહાય કરી હોય તો તેણે આ જોગવાઈનો ભંગ કરેલ છે તેમ ગણી શકાશે નહીં.

**સ્પષ્ટતા :** ૧૦૦ ટકા ગ્રાંટ મેળવતી સહાયક ગ્રાંટ સંસ્થાઓના કર્મચારી પોતાની જાત પર, વાહન કે રહેણાંક પર કોઈ ચુંટણી નિશાન પ્રદર્શિત કરશે તો આ પેટા નિયમના અર્થમાં તેણે ચુંટણી બારામાં પોતાની વગનો ઉપયોગ કર્યો ગણાશે. ખાતામાંથી સહાયક ગ્રાંટ મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓના કર્મચારીઓના વાંધા કે ફરિયાદોની પરિસ્થિતિમાં કર્મચારી પોતાની રજુઆતો/યાદીઓ/અપીલો સંબંધિત સંસ્થાના વડાઓ મારફત સમાજ સુરક્ષા નિયામકને મોકલશે. નિયામકશ્રીનો આવી બાબતમાં કોઈ નિર્ણય અંતિમ ગણાશે, છતાં પણ નિયામકશ્રી સમાજ સુરક્ષા ખાતાને રજુઆતની એક નકલ અગાઉથી મોકલવામાં મનાઈ નથી. ઉપરના નિયમોનો ભંગ કરવા બદલ સંબંધિત સ્વૈચ્છિક સંસ્થાઓ તેઓના કર્મચારીઓ સામે શિસ્તના પગલાં લેશે.

૨૭. **વય નિવૃત્તિ.**

(૧) સામાન્ય રીતે કર્મચારી ૫૮ વર્ષની વયે નિવૃત્ત થશે. શૈક્ષણિક કર્મચારી તેની નિવૃત્તિનો સમય પૂરો થયા બાદ, ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરું થાય ત્યાં સુધી નોકરીમાં ચાલુ રહેશે.

(૨) તબીબી અધિકારીના પ્રમાણિત કર્યા પ્રમાણે કર્મચારી તંદુરસ્ત હોય, તેની કામગીરી સંતોષકારક રીતે બજાવી શકતો હોય તો સંસ્થાનું સંચાલક મંડળ તેને વધુમાં વધુ બે વર્ષ માટે પુનઃ નિયુકત કરી શકશે. આ માટે સંચાલક મંડળે ઓછામાં ઓછું છ માસ અગાઉ નિયામકની પૂર્વ મંજુરી માટેની દરખાસ્ત મોકલવાની રહેશે.

| ૧. | ૨. | ૩. |
|---|---|---|
| | | (૩) આ નિયમોનો હેતુ માર્યો જાય તેવો કોઈ નિમણુંક સંચાલક મંડળ કોન્ટ્રાકટથી કરશે નહીં.<br>(૪) ચિત્રકળા, સંગીત, ઉદ્યોગ, વિગેરેના શિક્ષક જેવાના કેસોમાં પાર્ટટાઈમ કર્મચારીને પણ આ નિયમો લાગુ પડશે.<br>(૫) સરકારી નોકરીમાં નિવૃત્ત થયેલ વ્યક્તિઓ શારીરિક અને માનસિક રીતે યોગ્યતા ધરાવતી હોય તો તેમને કરારથી નોકરીએ રાખી શકાશે. આવી નિવૃત્ત થયેલ વ્યક્તિઓને કામે રાખવાનું પેટા ખંડ(૨) માં દર્શાવેલ જોગવાઈઓ અને કર્મચારી અને કામે રાખનાર વ્યક્તિ પરસ્પર સંમત થાય તેવા નિયમો અને નોકરીના સામાન્ય નિયમોને આધીન રહેશે. |

: વિભાગ - ૬ : ગ્રાંટના પ્રકાર :

| | | |
|---|---|---|
| ૨૮. | ગ્રાંટના પ્રકાર | સંસ્થાઓ, ગ્રાંટ મંજુર કરતા અધિકારીના વિવેકાધિકાર અનુસાર ચુકવાતી નીચેના પ્રકારની ગ્રાંટ માટે પાત્ર રહેશે. (૧) નિભાવ ગ્રાંટ (૨) સાધન ગ્રાંટ (૩) મકાન ગ્રાંટ અને (૪) સમાજ સુરક્ષા નિયામક કે સરકાર ધ્વારા વખતોવખત મંજુર કરાય તેવી આવી બીજી ગ્રાંટ. |

આ ગ્રાંટ-ઇન-એઈડ કોડના અમલ પછી રાજ્યમાં નવી શરૂ કરવામાં આવનાર માન્યતા પ્રાપ્ત સમાજ સુરક્ષા ખાતા હેઠળની સંસ્થાઓને નીચેના ધોરણ મુજબ નિભાવ ગ્રાંટ મળવાપાત્ર રહેશે.

| | | | |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ | - | શૂન્ય | મળવાપાત્ર ગ્રાંટના પ્રમાણમાં |
| બીજું વર્ષ | - | ૫૦ ટકા | |
| ત્રીજું વર્ષ | - | ૧૦૦ ટકા | |

ગુજરાત રાજ્યમાં સમાજ સુરક્ષા પ્રવૃત્તિઓને સહાય કરવા માટે રાજ્યના ફંડમાંથી ખરેખર મંજુર કરેલ નાણાંનો વહીવટ આ નિયમોમાં ઠરાવેલ શરતો અનુસાર સમાજ સુરક્ષા નિયામકના નિયંત્રણ હેઠળ થાય છે.

: વિભાગ - ૭ : નિભાવ ગ્રાંટ :

સંસ્થાને ગ્રાંટની ચુકવણી રાજ્ય વિધાનમંડળ ધ્વારા જરૂરી બજેટ ગ્રાંટ મંજુર થાય, તે જોગવાઈઓને આધિન રહેશે.

...૧૩..

| ૧. | ૨. | ૩. 12 |
|---|---|---|

૨૯ (૧) **નિભાવ ગ્રાંટ.** નાણાં સુલભ થાય ત્યારે જુદી જુદી કક્ષાની માન્ય સંસ્થાને તેમના માન્ય ખર્ચ ઉપર મળવાપાત્ર ગ્રાંટના દરે નિભાવ ગ્રાંટ આ નિયમ સંગ્રહમાં ઠરાવેલ ખાસ અને વિશિષ્ટ શરતોને બધી રીતે સંતોષતી અને સમાજ સુરક્ષા નિયામકે વખતોવખત બહાર પાડેલ બધી સૂચનાઓનું પાલન કરતી સંસ્થાઓને જ અપાશે. આમાંની કોઈપણ શરતનો ભંગ થશે તો વધુમાં વધુ દરે અપાતી ગ્રાંટમાં ઘટાડો થશે. સંસ્થામાં શરતોનું પાલન થયું છે કે નહીં અને કેટલા પ્રમાણમાં પાલન થયું છે તે અંગે સમાજ સુરક્ષા નિયામકનો નિર્ણય આખરી ગણાશે. સમાજ સુરક્ષા નિયામકને સેવાઓ પાછળ થતાં ખર્ચની દ્રષ્ટિએ સગવડ અને તાલીમની જરુરત ઠરાવવાની સત્તા છે.

૨૯ (૨) ગ્રાંટ માટે એક વખત રજીસ્ટર થયેલ માન્ય સંસ્થા સહાયક ગ્રાંટ માટેના નિયમ તેમજ આ નિયમ સંગ્રહમાં જણાવેલ બીજી કોઈ જોગવાઈઓનું પાલન કરે અને સમાજ સુરક્ષા નિયામકની બધી સૂચનાઓનું પાલન કરે એ શરતે, તે પછી પણ ગણાતી રહેશે.

૨૯ (૩) ગ્રાંટ માટે મળવાપાત્ર અને નહીં મળવાપાત્ર ઠરાવાયેલી ખર્ચની બાબતો આ નિયમો સાથે જોડેલી અનુસૂચિ 'ક' માં આપેલ છે.

૨૯ (૪) સરકારી કર્મચારીઓ માટે વખતોવખત સરકાર ધ્વારા ઠરાવાતા દરે મોંઘવારી ભથ્થું તથા સરકારશ્રીએ વખતોવખત માન્ય કરેલ માન્ય ભથ્થાઓ ચુકવવા માટે આવાં ભથ્થાં પરનું ખર્ચ નિભાવ ગ્રાંટની ચૂકવણી સાથે સંસ્થાના કુલ માન્ય ખર્ચમાં સમાવી લેવાશે.

૨૯ (૫) સમાજ સુરક્ષા નિયામક ધ્વારા વખતોવખત બહાર પડાતી સૂચનાઓ અનુસાર ગ્રાંટ આકારાશે. સાધારણ રીતે મળવાપાત્ર ખર્ચ, અનુરુપ સરકારી સંસ્થાના ખર્ચના ધોરણે ગણાશે.

...૧૪..

| ૧. | ૨. | ૩. |
|---|---|---|
| ૨૯ (૬) | | આ નિયમ હેઠળ, સંસ્થાને સહાયક ગ્રાંટ આપવાનો ઉદ્દેશ સમાજ સુરક્ષા ક્ષેત્રમાં જાહેર અને ખાનગી સાહસોનો ફાળો અને દાન આપવા માટે ઉત્તેજન આપવાનો અને આવી પ્રવૃત્તિઓ પરનું ખર્ચ સરકાર સાથે વહેંચી લેવાનો છે. તેથી સરકાર પાસેથી સહાયક ગ્રાંટના સ્વરુપે મેળવેલ રકમ ઉપરાંત ખાનગી દાન કે સાધન ધ્વારા નાણાં ઉભા કરવાનું સંસ્થા માટે અપેક્ષિત છે. આમ સરકારી ગ્રાંટમાંથી જ તેનું બધું ખર્ચ મેળવતી સંસ્થા સહાયક ગ્રાંટ નિયમ સંગ્રહના ઉદ્દેશોનું પાલન કરે છે તેવું ગણાશે નહીં અને તેથી તેને સમાજ સુરક્ષા નિયામક ગ્રાંટ માટે અયોગ્ય ઠરેલી જાહેર કરશે. આ બાબતે ગુણવત્તાના ધોરણો ઉપર સમાજ સુરક્ષા નિયામકે લીધેલ નિર્ણય સંસ્થાને બંધનકર્તા રહેશે. |
| ૨૯ (૭) | | સહાયક ગ્રાંટનો ઉદ્દેશ કોઈ વ્યકિત કે સંસ્થાને ગ્રાંટનો નફો કરવાના સાધન તરીકે ઉપયોગ કરવા દેવાનો નથી. પરંતુ જે સંસ્થા પગભર ન હોય અને બીજી રીતે તેમનો નિભાવ ન કરી શકે તેમ હોય તેમને મદદ કરવાનો છે. તેથી ગ્રાંટનો રકમ સંસ્થાના ખર્ચથી વધીને તેની આવકમાં પરિણમે નહીં તેની સમાજ સુરક્ષા નિયામકે કાળજી રાખી છે. કુલ આવક કરતાં ખર્ચ વધે તો મળવાપાત્ર ગ્રાંટની રકમ આપવાની ગણતરી કરતી વખતે વધતી રકમ મળવાપાત્ર ગ્રાંટની રકમમાંથી ઓછી કરાશે. પરંતુ શરત એ રહેશે કે સરકારી ગ્રાંટમાંથી વર્ષના અંતે કઈ રકમ પુરાંત રહેશે તો અનિવાર્ય કેસમાં આગામી વર્ષના અંત પહેલા સમાજ સુરક્ષા નિયામક ધ્વારા મંજુર કરાયેલ ખાસ હેતુ માટે વાપરી શકાશે, અને આમ કરવું શકય નહીં હોય તો આગામી વર્ષથી ગ્રાંટ પ્રમાણસઃ ઘટાડાશે. |

...૧૫..

૨૫

| ૧. | ૨. | ૩. 13 |
|---|---|---|
| ૩૦. | **નિભાવ ગ્રાંટ માટે સહાયક ગ્રાંટ.** | જિલ્લા પ્રોબેશન અને આફટર કેર મંડળ, ખાનગી ઓબ્ઝર્વેશન હોમ, ખાનગી પ્રમાણિત શાળાઓ અને સમધારણ સંસ્થાઓ, વરકાંપર અને અશકતાશ્રમ, મંદબુધ્ધિવાળી વ્યકિતઓ અને અપંગો માટેની સંસ્થા, રક્ષણગૃહ, ખાનગી ભિક્ષુકગૃહ અને સામાન્ય સંસ્થાકીય તેમજ બિનસંસ્થાકીય સમાજસુરક્ષા જેવી કે કિશોર કલબ, બાળ માર્ગદર્શન કેન્દ્ર, મહિલા મંડળ, કુટુંબ સલાહ કેન્દ્ર, બાળ કલ્યાણ કેન્દ્ર, ઘોડીયાઘર વગેરે નીચેની શરતોને આધીન રહીને સહાયક ગ્રાંટ માટે પાત્ર રહેશે. |
| ૩૦ (૧) | | (૧) રહેણાંકીય સંસ્થાઓમાં ૧૦ વર્ષની કે તેથી મોટી વયના છોકરા છોકરીઓ તેમજ પ્રૌઢો માટે પણ અલગ વ્યવસ્થા કરવામાં આવે. |
| ૩૦ (૨) | | (૨) નિવાસીના શિક્ષણ, સામાન્ય જ્ઞાન, વ્યાયામ, મનોરંજન વિષયક અને સંસ્કાર પ્રવૃત્તિઓ માટે સમાજસુરક્ષા નિયામક ધ્વારા યોગ્ય ઠરાવવામાં આવે તેટલી અને પુરતી મનાતી વ્યવસ્થા કરવામાં આવે. |
| ૩૦ (૩) | | (૩) ઉદ્યોગના પર્યાપ્ત શિક્ષણની જોગવાઈ કરવામાં આવે. |
| ૩૦ (૪) | | (૪) જુવેનાઈલ જસ્ટીસ એકટ અને તે હેઠળના નિયમોની બાળકો અંગેની બધી જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવે. |
| ૩૦ (૫) | | (૫) સમાજ સુરક્ષા નિયામક કે નિરીક્ષણ અધિકારી ધ્વારા વખતોવખત બહાર પડતી બધી સૂચનાઓનું સંસ્થા પાલન કરે. |
| ૩૦ (૬) | | (૬) નિભાવ ગ્રાંટમાંથી ચુકવાતી કોઈ ગ્રાંટ કે નિર્દિષ્ટ પરંતુ આવર્તક ખર્ચ અનામત ફંડ કે કેપિટલ ખર્ચ ખાતે લઈ થતી બચત જઈ શકાશે નહીં. નિભાવ ગ્રાંટ કે અનઆવર્તક ગ્રાંટમાંથી થતી બચત આગામી ત્રિમાસમાં ચુકવવાપાત્ર થતી ગ્રાંટમાંથી કાપી લેવાશે. સરકાર જે સંસ્થા માટે સહાયક ગ્રાંટનો દર ઠરાવે તે દરે સમાજ સુરક્ષા નિયામક સહાયક ગ્રાંટ ચુકવશે. આ નિયમોમાં નિયત કરેલ દર જેટલાં કે તેથી ઉંચા દર/દરોએ |

0/0

| ૧. | ૨. | ૩. |
|---|---|---|
| | | સહાયક ગ્રાંટની પાત્રતા માટે આ નિયમોમાં નિયત કરેલ હોય તે સિવાયની કોઈ સંસ્થાને માન્ય કરવામાં આ નિયમોનું કશું જ સરકારના અધિકારને મર્યાદિત કરતું ગણાશે નહીં. |
| ૩૦ (૭) | | (૭) સમાજ સુરક્ષા નિયામક તરફથી ખબર મળ્યાની તારીખથી એક મહિનાની અંદર અને કોઈપણ સંજોગોમાં જે વર્ષ માટે ગ્રાંટ મંજુર થઈ હોય તે વર્ષની ૩૧મી માર્ચ પહેલા મંજુર થયેલ ગ્રાંટનો કલેમ કરવામાં નહીં આવે તો મંજુર થયેલ સહાયક ગ્રાંટની રકમ રદ થશે. |

<u>વિભાગ- ૭ : નિભાવ ગ્રાંટનું ધોરણ :</u>

| | | |
|---|---|---|
| ૩૧. | **નિભાવ ગ્રાંટનું ધોરણ.** | સહાયક ગ્રાંટ માટે વિચારાયેલ જુદી જુદી કક્ષાની માન્ય સંસ્થાઓ માટે, નિયમ સંગ્રહમાં જણાવેલ સામાન્ય અને ખાસ શરતો અને મળી શકતાં નાણાંને આધીન રહીને ગ્રાંટનું વધુમાં વધુ ધોરણ નીચે પ્રમાણે રહેશે. |

(ક) ગુજરાત રાજ્ય પ્રોબેશન અને આફટર કેર <u>એસોસીએશન.</u>

(૧) સ્ટાફ અને આકસ્મિક ખર્ચ સહિત મંડળની કચેરીનું ૧૦૦ ટકા ખર્ચ.

(૨) નીચેની બાબતો અંગે ૧૦૦ ટકા ખર્ચ

(૧) સંચાલક સમિતિના સભ્યોનું પ્રવાસ ભથ્થું.

(૨) રાજ્યેતર સેવા શરતો અંગેના નિયમો અનુસાર સ્ટાફનું પેન્શન અને રજાના પગારનો ફાળો.

(૩) પ્રમાણિત શાળાઓમાંથી છુટા કરેલ નિવાસીઓને કપડાં, પથારી અને બીજી મદદ.

(૪) પ્રોબેશન અને છુટા કરેલ કેદીઓને મદદ.

(૫) વોલન્ટરી પ્રોબેશન અધિકારીઓને માનદ વેતન.

(૬) સ્ટાફને પ્રવાસ ભથ્થું અને પેશગી.

(૭) જાહેરાત પરિષદ અને બેઠક અંગેનું ખર્ચ.

૧. ૨. ૩.

(૮) પ્રોવિડન્ડ ફંડ ફાળો.

(૯) અનુસેવાને સ્પર્શતો કામગીરો.

રાજ્ય મંડળને ખરેખર ખર્ચના ધોરણે દર ત્રિમાસે અગાઉથી ગ્રાંટ ચૂકવવામાં આવશે.

(ખ) જિલ્લા પ્રોબેશન અને આફ્ટર એસોસીએશન (જિલ્લા <u>બાળ સંરક્ષણ મંડળ) તથા ખાનગી ઓબ્ઝર્વેશન હોમ.</u>

(૧) પરિશિષ્ટમાં સૂચવ્યા પ્રમાણેના માન્ય કર્મચારી વર્ગના પગાર અને ભથ્થાંના ૧૦૦ ટકા.

(૨) જુવેનાઈલ જસ્ટીસ એક્ટ-૧૯૮૬ હેઠળ સંસ્થામાં મોકલેલ બાળકો અંગે ઉપરની સંસ્થાને નિવાસી દીઠ માસિક રૂપિયા ૨૨૫ અથવા સરકારે વખતોવખત સુધારેલ દરે ભોજન ખર્ચ ચૂકવવામાં આવશે.

(૩) કપડાં, બિસ્તર વગેરે માટે તેમજ શિક્ષણ, ઉદ્યોગ, વ્યાયામ વગેરે માટે તેમજ ભાડું, વેરા, પાણી ખર્ચ, વીજળી વગેરે જેવા આકસ્મિક ખર્ચ માટે માન્ય ખર્ચના ૯૦ ટકા.

(ગ) જિલ્લા પ્રોબેશન અને આફ્ટર કેર એસોસીએશન અથવા બીજા ખાનગી ધોરણે ચાલતાં માન્ય ગૃહ. ખાનગી પ્રમાણિત શાળાએ અને સમધારણ સંસ્થાઓ <u>ઉપરની સંસ્થાઓને નીચેના પ્રકારની ગ્રાંટ મળશે.</u>

(૧) પરિશિષ્ટ મુજબ માન્ય કર્મચારી વર્ગના પગાર ભથ્થાનાં ૧૦૦ ટકા.

(૨) જુવેનાઈલ જસ્ટીસ એક્ટ ૧૯૮૬ હેઠળ જુવેનાઈલ કોર્ટ કે જુવેનાઈલ વેલફેર બોર્ડ ધ્વારા ઉપરની સંસ્થામાં દાખલ થતાં બાળકોને નિવાસી દીઠ માસિક રૂ. ૨૨૫/- અથવા સરકાર ધ્વારા વખતોવખત સુધાર્યા અનુસારનું ભોજન ખર્ચ.

(૩) સરકાર માન્ય હાઈસ્કુલ, કોલેજ, વ્યવસાયિક તાલીમ કેન્દ્ર અને તાલીમ કોલેજમાં હાજરી આપતાં

...૧૮..

| ૧. | ૨. | ૩. |
|---|---|---|

બાળ અધિનિયમ હેઠળ સુપરત કરેલાં બાળકોને, નીચેની શરતોનું પાલન થયેથી યોગ્ય કેસમાં રાબેતા મુજબની નિભાવ ગ્રાંટ, કપડાં બિસ્તર, દવા, મનોરંજન, વ્યાયામ, રમતગમત ઉપરાંત શિક્ષણ તાલીમ વગેરે હેતુ માટે માન્ય ખર્ચના ૯૦ ટકા ગ્રાંટ.

(૪) કેટલાક ખાસ કેસમાં સહાયક ગ્રાંટની ચૂકવણી.

(૪)(૧) જેમણે તેમની અટકાયતની મુદત પુરી કરી હોય, પરંતુ માંદા હોઈ તબીબી સલાહ હેઠળ તેમને સલામત રીતે છુટા કરી શકાય ત્યાં સુધી કે તેમનો છુટકારો થતાં તેમને પહોંચાડવાની વ્યવસ્થા થાય ત્યાં સુધી સંસ્થામાં રહેવા માટે પ્રમાણિત શાળાના મુખ્ય નિરીક્ષકે છૂટ આપી હોય તેવા જુવેનાઈલ કોર્ટ કે જુવેનાઈલ વેલફેર બોર્ડ ધ્વારા સુપરત થયેલ બાળકોને અટકાયતની મુદત દરમિયાન ચુકવાતા દરે ચુકવણી કરવામાં આવશે . આમ છતાં, તેમને કોર્ટના કમિટમેન્ટ ઓર્ડરની મુદત પૂરી થયે યોગ્ય તારીખે છોડવામાં આવ્યા છે તેમ ગણવાનું રહેશે. આ ગ્રાંટ અલગ સહાયક ગ્રાંટ બિલ પર અલગ રીતે ચૂકવાશે.

(૪)(૨) જો અટકાયતની મુદત પૂરી થયા પછી પ્રમાણિત શાળાના મુખ્ય નિરીક્ષક ધ્વારા સંસ્થામાં રહેવા દેવામાં આવશે તે તેવા અપંગ અને મંદબુધ્ધિવાળા બાળકોને માટે રાબેતા મુજબનો નિભાવ ખર્ચ સહાયક ગ્રાંટ તરીકે અપાશે.

(૪)(૩) જેમણે તેમની અટકાયતની મુદત પૂરી કરી હોય પરંતુ ઘરના અનુચિત વાતાવરણને કારણે સમાજ સુરક્ષા નિયામક ધ્વારા સંસ્થામાં રહેવાની રજા અપાય તેવા બાળકોને રાબેતા મુજબના દરે નિભાવ ખર્ચની સહાયક ગ્રાંટ અપાશે. આ રકમ છુટકારાની છેલ્લી તારીખ પછી ૭ મહિનાની મુદત માટે અપાશે.

...૧૯..

૨૫

| ૧. | ૨. | ૩. |
|---|---|---|
| | | 15 |

સમાજ સુરક્ષા નિયામક વધુ મુદત વધારો મંજુર કરી શકશે. પણ કોઈપણ સંજોગોમાં આ મુદત પાંચ વર્ષથી વધુ લંબાવી શકશે નહીં.

(૫) અમુક વ્યવસાય કે વેપારમાં તાલીમ માટે જરુરી વસ્તુની ખરીદી તથા શૈક્ષણિક અભ્યાસક્રમની ફી નું ખર્ચ આવરી લેવા માટે આવા બાળકોને વધારાની ગ્રાંટ આપી શકાશે. આ માટે સમાજ સુરક્ષા નિયામકની મંજુરી મેળવવી જરુરી ગણાશે.

(૬) જેમનાં માતાપિતા કે નજીકનાં સગા ગંભીર રીતે બિમાર હોય કે જેનાં કુટુંબીજનો પર ગંભીર આપત્તિ આવી પડી હોય, તેવા કોર્ટ કે બોર્ડ સુપરત કરેલ બાળકોને ઓછામાં ઓછા રક્ષણ સાથે ઘેર જવા માટે સંસ્થામાંથી બાળકને ઘેર જવા અને આવવાના ખરેખર ખર્ચ કે બીજા વર્ગના ઉતારુભાડા કે બસભાડા અનુસાર સહાયક ગ્રાંટ અપાશે. શકય હોય ત્યાં સુધી આવા પ્રસંગોમાં સમાજ સુરક્ષા નિયામકની પૂર્વ મંજુરી માટે સમાજ સુરક્ષા નિયામકનો સંપર્ક સાધવો. સંસ્થાએ આ બાબતે પ્રથમ ખર્ચ કરી ગ્રાંટની માંગણી કરવાની રહેશે.

(૭) સમાજ સુરક્ષા નિયામક ધ્વારા ખાસ અધિકૃત કરાયેલ મુકત કરાયેલ નિવાસી અંગે અને વેકેશન માટે સંસ્થા ધ્વારા થતા પ્રવાસ ખર્ચને આવરી લેતી સહાયક ગ્રાંટ અપાશે.

(૮) ઘર વસાવવાની સવલત આપવાના ખાસ ઉદ્દેશથી લગ્ન માટે નાણાંકીય મદદની જરુર હોય તેવી, કોર્ટ કે બોર્ડ સુપરત કરેલી અનાથ છોકરીઓને, માથાદીઠ રુ.૧૦,૦૦૦/- અથવા સરકારશ્રીવખતોવખત નકકી કરે તે મુજબની એક સામટી સહાયક ગ્રાંટ અપાશે. કોઈપણ અનાથાશ્રમ કે કોટ(સમધારણ) સંસ્થા સિવાયની

...૨૦..

| ૧. | ૨. | ૩. |
|---|---|---|
| | | સંસ્થામાંથી પણ લગ્ન કરતી અનાથ બાળાને ઉપરોકત ધોરણે ગ્રાંટ અપાશે. |
| | | (૯) પ્રસુતિ ગૃહ કે ડોકટરનું પ્રમાણપત્ર મેળવ્યું હોય અને સહાયક ગ્રાંટના બિલ સાથે સામેલ કર્યું હોય અને કરેલ ખરેખરા ખર્ચની પૂરેપુરી વિગત આપી હોય તો બોર્ડ અથવા કોર્ટ સુપરત કરેલ છોકરીઓની બાબતમાં થતું પ્રસુતિ ખર્ચ આવરી લેવા માટે સહાયક ગ્રાંટ અપાશે. |
| | | (૧૦) ઓજારો અને સાધન સામગ્રીની ખરીદી વગેરે માટે અથવા આગળ તાલીમ ચાલુ રાખવા માટે સંસ્થામાંથી છુટા થયા પછી પુનઃસ્થાપન માટે નાણાંકીય મદદની જરૂર હોય તેવા અનાથ, કોર્ટ અથવા બોર્ડ સુપરત કરેલા બાળકો, ભિક્ષુક, અપંગો, સ્ત્રી પ્રોબેશનરો, લાઇસન્સ ધરાવનાર અને સમાજ સુરક્ષા નિયામકની કચેરી હેઠળની સુધારક અને બિનસુધારક સંસ્થાઓમાંથી છુટા કરાયેલ લાભાર્થીને પુનઃસ્થાપન માટેની માથાદીઠ રૂ. ૩,૦૦૦/- અથવા સરકારશ્રી વખતોવખત નક્કી કરે તે પ્રમાણેની સહાયક ગ્રાંટ અપાશે. |
| | | (૧૧) <u>સ્વૈચ્છિક ગ્રાંટ</u> |
| | | શૈક્ષણિક, તબીબી, મનોરંજન વિષયક અને સંસ્કાર વિષયક હેતુઓ માટે તેમજ ગ્રાંટ માટે કોઈ ખાસ જોગવાઈ કરાઈ ન હોય તેવા બીજા સામાન્ય હેતુઓ માટે સમાજ સુરક્ષા નિયામક હસ્તકની સ્વૈચ્છિક ગ્રાંટમાંથી સહાયક ગ્રાંટ અપાશે. આ ગ્રાંટ સંસ્થાના નિવાસીઓની ખાસ જરૂરિયાતને ધ્યાને લઈ ચૂકવાશે. |
| ૩૨. | વૃધ્ધો અને અશકતો માટેનાં ગૃહો માટે નિભાવ ગ્રાંટ. | <u>વૃધ્ધો અને અશકતો માટેનાં ગૃહો માટે નિભાવ ગ્રાંટ</u><br>(૧) પરિશિષ્ટ મુજબ માન્ય કર્મચારી વર્ગના પગાર ભથ્થાઓ માટે ૧૦૦ ટકા.<br>(૨) ભોજન ખર્ચ માટે નિવાસી દીઠ માસિક રૂ.૨૨૫/-ના દરે અથવા સરકાર ધ્વારા વખતોવખત નક્કી કરે તે મુજબની ગ્રાંટ માટે પાત્ર ગણાશે. પરંતુ શરત એ રહેશે કે :- |

39

| ૧. | ૨. | ૩. 16 |
|---|---|---|
| | | ૨.૧ સંસ્થામાં ઓછામાં ઓછા ૨૦ નિવાસી હોવા જોઈએ. |
| | | ૨.૨ સંસ્થા અશક્ત અને વૃધ્ધ ભિક્ષુક માટેના મુંબઈ ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ હેઠળ પ્રમાણિત સંસ્થા તરીકે પણ કાર્ય કરશે. |
| | | ૨.૩ પ્રવેશ વગેરે અંગેની બાબતમાં આ ગૃહનો વહીવટ સમાજ સુરક્ષા નિયામક ધ્વારા વખતોવખત ઠરાવેલા નિયમો અને સૂચનાઓ અનુસાર કરવાનો રહેશે. |
| | | ૨.૪ સરકાર તરફથી કે અર્ધસરકારી સંસ્થા તરફથી નિવૃત્તિ વેતન કે અન્ય લાભો મળતા હોય તેવા, વૃધ્ધાશ્રમમાં રહેતા લાભાર્થી માટે ભોજન ગ્રાંટ મળી શકશે નહીં. |
| | | (ચ) ખાનગી ભિક્ષુક ગૃહ માટે નિભાવ ગ્રાંટ |
| ૩૩. | ખાનગી ભિક્ષુક ગૃહ માટે નિભાવ ગ્રાંટ. | (૧) પરિશિષ્ટ મુજબ માન્ય કર્મચારી વર્ગના પગાર ભથ્થાઓના ૧૦૦ ટકા. |
| | | (૨) સમાજ સુરક્ષા નિયામક ધ્વારા માન્ય ઠરેલ અને મુંબઈ ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ હેઠળ પ્રમાણિત સંસ્થાઓ તરીકે જાહેર થયેલ સ્વૈચ્છિક સંસ્થાઓ ધ્વારા ચલાવાતા ખાનગી ગૃહને નિવાસી દીઠ માસિક રૂ.૨૨૫/- અથવા સરકારશ્રી ધ્વારા વખતોવખત નક્કી કરાય તે મુજબની ગ્રાંટ અપાશે. |
| | | (૩) આ ગૃહમાં ઓછામાં ઓછા ૨૦ અંતેવાસીઓ હોવા જોઈએ. માન્ય સ્ટાફ પૈકી માત્ર આવશ્યક હોય તેટલો જ સ્ટાફ મંજૂર કરી શકાશે. જે અંતેવાસીઓની સરેરાશ સંખ્યા પર નિર્ધારીત રહેશે. |
| | | (છ) અપંગ અને મંદબુધ્ધિવાળા માટે નિભાવ ગ્રાંટ |
| ૩૪. | અપંગ અને મંદબુધ્ધિ વાળા માટે નિભાવ ગ્રાંટ | (૧) પરિશિષ્ટ મુજબ માન્ય કર્મચારી વર્ગના પગાર ભથ્થાઓ માટે ૧૦૦ ટકા. |
| | | અંધ, બહેરા-મુંગા, અપંગ અને મંદબુધ્ધિવાળી વ્યક્તિઓ માટેની માન્ય સંસ્થાઓને ભોજન ખર્ચ પેટે નિવાસી દીઠ માસિક રૂ. ૨૨૫/- અથવા સરકારશ્રી |

...૨૨..

32



| ૧. | ૨. | ૩. |
| --- | --- | --- |
| | | દ્વારા વખતોવખત નક્કી થાય તે મુજબના દરે સહાયક ગ્રાંટ અને બીજા માન્ય ખર્ચ માટે ૯૦ ટકાથી વધે નહીં, તેવી ગ્રાંટ પણ મેળવવાપાત્ર ગણાશે. સંસ્થામાં ઓછામાં ઓછો ૧૫ નિવાસીઓની સરેરાશ હાજરી હોવી જોઈએ. |
| | | (જ) <u>અપંગ માટે રક્ષિત વર્કશોપ માટે નિભાવ ગ્રાંટ.</u> |
| ૩૫. | અપંગ માટે રક્ષિત વર્કશોપ માટે નિભાવ ગ્રાંટ | (૧) પરિશિષ્ટ મુજબ માન્ય કર્મચારી વર્ગના પગાર ભથ્થાંઓ માટે ૧૦૦ ટકા.<br>(૨) સમાજ સુરક્ષા નિયામક દ્વારા માન્ય અંધ, બહેરા-મુંગા અને અપંગ તથા મંદબુદ્ધિવાળી વ્યક્તિઓ માટેની રક્ષિત વર્કશોપને નિવાસીદીઠ માસિક રૂ.૨૨૫/- અથવા સરકારશ્રી વખતોવખત નક્કી કરે તે મુજબની ગ્રાંટ ચૂકવી શકાશે, જે નીચેની શરતોને આધીન રહેશે.<br>૨.૧ વર્કશોપમાં ઓછામાં ઓછા ૧૦ લાભાર્થીઓ કામ કરતાં હોવા જોઈએ.<br>૨.૨ માન્ય ખર્ચ ચુકવતા સંસ્થાએ વર્કશોપમાંથી કોઈ નફો કર્યો હશે તેનો ઉપયોગ વિસ્તરણ અને વિકાસ માટે કરવામાં આવશે નહીં તો, મળવાપાત્ર ગ્રાંટમાંથી કાપી લેવાશે.<br>૨.૩ સંસ્થા કુલ ઉત્પાદનમાંથી ખર્ચ બાદ કરી, બાકીની ઉપજમાંથી અંતેવાસીઓને/લાભાર્થીને સમાન હિસ્સે રકમ તેમના ખાતામાં જમા કરાવશે. આ અંગે ન્યૂનતમ રકમ રૂ. ૧૫૦/- માસિકથી ઓછી હશે તો ખૂટતી રકમ ચુકવવાની સંસ્થા સમાજ સુરક્ષા નિયામક સમક્ષ યોજના રજુ કરશે. |
| ૩૬. | રક્ષાગૃહ માટે નિભાવ ગ્રાંટ. | (ઝ) <u>રક્ષાગૃહ માટે નિભાવ ગ્રાંટ.</u><br>(૧) પરિશિષ્ટ મુજબ માન્ય કર્મચારી વર્ગના પગાર અને ભથ્થાંઓ માટે ૧૦૦ ટકા.<br>(૨) અનૈતિક વેપાર નિવારણ અધિનિયમ અને તે હેઠળના નિયમો હેઠળ રક્ષાગૃહ તરીકે જાહેર કરાયેલ |

| ૧. | ૨. | ૩. ૧૭ |
| --- | --- | --- |
| | | અને સમાજ સુરક્ષા નિયામક ધ્વારા માન્ય કરેલ રક્ષાગૃહના નિવાસીદીઠ માસિક રૂ. ૨૨૫/- અથવા સરકારશ્રી ધ્વારા વખતોવખત નકકી કરે તે મુજબની સહાયક ગ્રાંટ માટે પાત્ર ગણાશે. |
| ૩૭. | તકેદારી અને/ ઉધ્ધારગૃહ માટે નિભાવ ગ્રાંટ. | (૧) <u>તકેદારી અને ઉધ્ધારગૃહ માટે નિભાવ ગ્રાંટ</u><br>(૧) પરિશિષ્ટ મુજબના માન્ય કર્મચારી વર્ગના પગાર અને ભથ્થાંઓ માટે ૧૦૦ ટકા.<br>(૨) રૂ.૨૨૫/- અથવા સરકારશ્રીએ વખતોવખત નકકી કરે તે મુજબની ભોજન ગ્રાંટ.<br>૧૬ થી ૪૫ વર્ષ વચ્ચેની, નીચેના પ્રકારની સ્ત્રીઓને આશ્રય આપવા માટે નિભાવ ગ્રાંટ માટે સ્વૈચ્છિક સંસ્થાઓ પાત્ર બને છે.<br>૨.૧ નૈતિક ભયમાં મૂકાયેલી સ્ત્રીઓ.<br>૨.૨ અપહરણનો ભોગ બનેલ સ્ત્રીઓ.<br>૨.૩ ત્યકતા.<br>૨.૪ કુંવારી કે વિધવા માતાઓ.<br>૨.૫ શોષિત કે ભોગ બનેલ સ્ત્રીઓ.<br>(૩) ઉપરોકત ૨(૧) થી ૨(૫) માં આવરી લેવાયેલ સ્ત્રીઓના તાલીમ, શિક્ષણ અને પુનઃસ્થાપન માટે અપંગ લાભાર્થીઓના ધોરણે વર્કશોપનું ખર્ચ, તાલીમ ખર્ચ વગેરે માટે સંસ્થાનો ખાસ પ્રોજેકટ સરકારશ્રી મંજુર કરી શકશે. |
| ૩૮. | પશ્ચાદ્ સંભાળ છાત્રાલય/વર્કીંગ બોયઝ હોસ્ટેલ. | (ઠ) <u>પશ્ચાદ્ સંભાળ છાત્રાલય/વર્કીંગ બોયઝ હોસ્ટેલ અંગે ગ્રાંટ</u><br>નોંધ : આ ઘટક હયાત સંસ્થા સાથે સંલગ્ન હોવું જોઈએ અને સંસ્થાના અંતેવાસીઓના આર્થિક અને સામાજિક પુનઃસ્થાપનાના હેતુ માટે તેને પ્રયોજિત કરવું જોઈએ. આ ઘટક માટે નીચે પ્રમાણે ગ્રાંટ મુકવાશે.<br>(૧) એક પ્લેસમેન્ટ ઓફીસર (૧૬૪૦-૨૯૦૦) ના માટે પગાર અને ભથ્થાંના ૧૦૦ ટકા. |

| ૧. | ૨. | ૩. |
|---|---|---|
| | | (૨) અંતેવાસી દીઠ માસિક રૂા.૨૨૫/- અથવા સરકારશ્રી વખતોવખત નક્કી કરે તે પ્રમાણેની ભોજન ગ્રાંટ.<br>(૩) માન્ય આકસ્મિક ખર્ચના ૧૦૦ ટકા.<br>(૪) પુનઃસ્થાપન માટે લાભાર્થી દીઠ ખરેખર કુલ ખર્ચના ૧૦૦ ટકા અથવા રૂ. ૨૫,૦૦૦/- બંને માંથી જે ઓછું હોય તે મેળવવા માટેની યોજના નિયામક, સમાજ સુરક્ષાની મંજુરીને આધિન અમલ કરી શકાશે. |
| **<u>અન્ય સંસ્થાઓ</u> :** | | |
| ૩૯. | બાળ માર્ગદર્શન કેન્દ્ર | (ડ) <u>બાળ માર્ગદર્શન કેન્દ્ર માટે ગ્રાંટનું ધોરણ</u><br>(૧) પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ કર્મચારી વર્ગના પગાર અને ભથ્થાંઓ માટે ૯૦ ટકા.<br>(૨) મકાન ભાડા માટે માસિક રૂા.૫૦૦/-ની મર્યાદામાં ખરેખર ખર્ચના ૯૦ ટકા.<br>(૩) કન્ટીજન્સી માટે માસિક રૂા. ૫૦૦/- ની મર્યાદામાં ખરેખર ખર્ચના ૯૦ ટકા.<br>(૪) નવું કેન્દ્ર શરુ કરવામાં આવે ત્યારે નોન રીકરીંગ ખર્ચ (સાધનો, ફર્નીચર વગેરે હેતુ માટે) પ્રથમ તબક્કે રૂા. ૫,૦૦૦/- તથા દર પાંચ વર્ષે તે જ હેતુ માટે રૂા. ૧,૦૦૦/-. |
| ૪૦. | બાળ કલ્યાણ કેન્દ્ર | (ઢ) <u>બાળ કલ્યાણ કેન્દ્ર માટે ગ્રાંટનું ધોરણ</u><br>(૧) પ્રવર્તમાન નિયમો અને ધારાધોરણોને આધીન રહીને વાર્ષિક ઉચ્ચક રૂા.૨૫૦૦/-. |
| ૪૧. | કુટુંબ સલાહ કેન્દ્ર | (ણ) <u>કુટુંબ સલાહ કેન્દ્ર માટે ગ્રાંટનું ધોરણ</u><br>(૧) પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબના માન્ય કર્મચારી વર્ગના પગાર ભથ્થાં માટે ૯૦ ટકા.<br>(૨) મકાન ભાડા માટે જે સંસ્થાના પોતાના જ મકાનમાં આ સુવિધા થઈ શકતી હોય તો ઉચ્ચક રૂા.૩૦૦/- માસિક પરંતુ ભાડાના મકાનમાં આ કેન્દ્ર શરુ કરવામાં આવે તો માસિક રૂા.૫૦૦/- ની મર્યાદામાં ખરેખર ખર્ચના ૯૦ ટકા. |

...૨૫..

| ૧. | ૨. | ૩. 18 |
|---|---|---|
| | | (૩) કન્ટીજન્સી માટે વાર્ષિક રૂ. ૫,૦૦૦/- ની મર્યાદામાં ખરેખર ખર્ચના ૯૦ ટકા. |
| ૪૨. | માનસિક સ્વાસ્થય કેન્દ્ર | (ત) માનસિક સ્વાસ્થય કેન્દ્ર માટે ગ્રાંટનું ધોરણ.<br>(૧) પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબના અન્ય કર્મચારી વર્ગના પગાર અને ભથ્થાઓ માટે ૧૦૦ ટકા.<br>(૨) કેન્દ્ર શરુ કરવામાં આવે ત્યારે પ્રથમ તબકકે ફર્નીચર, સાધન સામગ્રી, પુસ્તકો, રમકડાં વગેરે ઉપયોગી સામગ્રી અંગે નોનરીકરીંગ ખર્ચ માટે રૂ. ૧૨,૦૦૦/- ની મર્યાદામાં ખરેખર ખર્ચના ૯૦ ટકા.પાંચ વર્ષ બાદ આ હેતુ માટે રૂ.૩,૦૦૦/- ની મર્યાદામાં ખરેખર ખર્ચના ૯૦ ટકા.<br>(૩) મકાન ભાડા માટે માસિક રૂ. ૭૫૦/- ની મર્યાદામાં ખરેખર ખર્ચના ૯૦ ટકા. |
| ૪૩. | સરકારી સંકુલમાં શિશુ સંભાળ કેન્દ્ર (ઘોડીયા ઘર) | (થ) સરકારી સંકુલમાં શિશુ સંભાળ કેન્દ્ર શરુ કરવા માટે ગ્રાંટનું ધોરણ.<br>સરકારી સંકુલમાં સરકારી/અર્ધસરકારી કચેરીઓના વિભાગમાં/સરકાર પ્રેરિત જાહેર સાહસો કે પ્રતિષ્ઠાનોની કચેરીમાં કે બોર્ડ/કોર્પોરેશનના નિગમની કચેરીનાં સંકુલમાં ૦-૩ વર્ષમાં બાળકોની સંભાળ માટે શિશુ સંભાળ કેન્દ્ર શરુ કરવા માટે નીચે પ્રમાણે ગ્રાંટનું ધોરણ રહેશે.<br>(૧) પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબના માન્ય કર્મચારી વર્ગના પગાર ભથ્થાના ૧૦૦ ટકા.<br>(૨) મકાન ભાડા માટે કોઈ ગ્રાંટ મળવાપાત્ર નથી. યોગ્ય મકાનની સુવિધા સંબંધિત તંત્ર એ કરી આપવાની રહેશે.<br>(૩) બાળકો માટે બાળકદીઠ ૧૫૦ ગ્રામ દુધ માટે સરેરાશ રોજના ૪.૫૦ લીટર દુધ માટે માસિક રૂ. ૬૦૦/- ની મર્યાદામાં ખરેખર ખર્ચ. |

...૨૬..

35



| ૧. | ૨. | ૩. |
|---|---|---|
| | | (૪) બાળકોના નાસ્તા માટે બાળકદીઠ સરેરાશ હાજરીના પ્રમાણમાં રોજના રૂ.૧.૦૦ ની મર્યાદામાં ખરેખર ખર્ચ.<br>(૫) કેન્દ્ર શરુ કરવા માટે પ્રથમ તબક્કે ફર્નીચર, પારણા, ઘોડીયા, ગાદી, રમકડાં, ગેસ, ફ્રીજ, વાસણો, જાજમ (લીનોલિયમ) વગેરે ખરીદવા માટે રૂ.૩૦,૦૦૦/- ની મર્યાદામાં ખરેખર ખર્ચના ૧૦૦ ટકા તેમજ દર વર્ષે જરુરી સંપૂર્તિ માટે વાર્ષિક રૂ.૧,૦૦૦/- ની મર્યાદામાં ખરેખર ખર્ચના ૧૦૦ ટકા.<br>**નોંધ** : વાલી પાસેથી તેમના બાળકની સંભાળ માટે બાળક દીઠ માસિક રૂ. ૫૦/- ફી તરીકે લેવાના રહેશે. જે આવક તરીકે ધ્યાને લઈ, મળવાપાત્ર ગ્રાંટમાંથી બાદ કરવામાં આવશે. વર્ગ-૪ ના કર્મચારી પાસેથી કોઈ ફી લેવામાં આવશે નહીં. |
| ૪૪. | મહિલા મંડળો માટે ગ્રાંટ. | (૧) સમાજ કલ્યાણ સલાહકાર બોર્ડ મારફતે માન્ય થયેલા મંડળોનો નિર્દિષ્ટ કરેલ હેતુઓ અને પ્રવૃત્તિઓ માટે ઉચ્ચક રૂ.૨,૦૦૦/- વાર્ષિક ગ્રાંટ ચૂકવવામાં આવશે અને આ ગ્રાંટ વધુમાં વધુ ત્રણ વર્ષ માટે ચુકવી શકાશે. જે દરમિયાન આવા મંડળો પોતાના સાધનો ઉભાં કરશે. ત્રણ વર્ષ કરતાં વધારે સમયગાળા માટે કોઈ મંડળને ગ્રાંટ ચૂકવવાનું જરુરી જણાય તો સમાજ કલ્યાણ સલાહકાર બોર્ડે તે માટે લેખિત કારણો સહિતની દરખાસ્ત સમાજ સુરક્ષા નિયામકને કરવાની રહેશે. સામાન્ય રીતે નવાં મંડળને પ્રોત્સાહિત કરવા માટે આ ગ્રાંટ ચૂકવાશે.<br>(૨) સમાજ સુરક્ષા ખાતા ધ્વારા સૂચવવામાં આવે તેવી મહિલાઓને રોજગાર કે સ્વરોજગાર માટે ઉપયોગી નિવડે તેવી વ્યવસાયલક્ષી તાલીમ આપવા માટે માન્ય મહિલા મંડળોને નીચે પ્રમાણે ગ્રાંટ મળવાપાત્ર રહેશે.<br>૨.૧ સમાજ સુરક્ષા નિયામક ધ્વારા જેની બહાલી આપવામાં આવી હોય તેવા માન્ય કર્મચારીવર્ગને આ |

39

| ૧. | ૨. | ૩. 19 |
|---|---|---|
| | | બહાલી આદેશમાં નિયત કરવામાં આવેલ ધોરણે માનદ્ વેતનના ૮૦ ટકા. |
| | | **નોંધ** : આ વેતનનો દર સંબંધિત તાલીમવર્ગની કક્ષા નિયત લાયકાત, કામના કલાકો તથા સમાજ સુરક્ષા નિયામકને યોગ્ય લાગે તે ધોરણોને આધીન રહેશે. |
| | | (૨) સામાન્ય રીતે નિયત માનદ્ વેતનમાં દર વર્ષે ૧૦ ટકાથી વધુ વધારો માન્ય રાખવામાં આવશે નહીં. આવો વધારો સમાજ સુરક્ષા નિયામકની પૂર્વ મંજુરીને આધીન રહેશે. |
| | | (૩) કોઈપણ કર્મચારીની લાંબી રજા કે ગેરહાજરીને કારણે અવેજીમાં નિમણુંક કરવાની જરુરીયાત ઉપસ્થિત થાય તો તેવી નિમણુંક સમાજ સુરક્ષા નિયામકની પૂર્વમંજુરીને આધીન રહેશે. યોગ્ય લાયકાત કે અનુભવ વગરના કર્મચારીને આવી અવેજી નિમણુંક આપી શકાશે નહીં. |
| | | ૨.૨ તાલીમ માટે ઉપયોગી મશીનો, ફર્નીચર કે સ્થાયી સામગ્રી ખરીદવા માટે તેમજ વીજળી, પાણી, ટેલીફોન વગેરે ખર્ચના પૂર્વમંજુરીને આધીન રહીને કુલ ખર્ચના ૯૦ ટકા. |

<u>વિભાગ - ૭ : ગ્રાંટની પાત્રતા માટે શરત</u>

| | | |
|---|---|---|
| ૪૫. | **ગ્રાંટની પાત્રતા માટે શરત.** | ૭.૧<br>(૧) સ્વૈચ્છિક રહેણાંકીય સંસ્થાઓ આ હેતુ માટે સમાજ સુરક્ષા ખાતા ધ્વારા માન્ય કરાયેલ હોવી જોઈએ અને તેમણે સંસ્થાઓના(લાયસન્સ) અધિનિયમ હેઠળ લાયસન્સ મેળવ્યું હોવું જોઈએ.<br>(૨) સામાન્ય રીતે ગયા વર્ષની ખાદ્ય પૂરતી મર્યાદીત કરીને, નિવાસી દીઠ માસિક રૂ.૨૨૫/- અથવા સરકારશ્રી ધ્વારા વખતોવખત નક્કી થાય તે દરે કલેમની યોગ્ય ચકાસણી કર્યા પછી અને ગયા વર્ષના |

...૨૮..

| ૧. | ૨. | ૩. |
|---|---|---|
| | | ઑડિટ કરેલ હિસાબનું પત્રક રજુ કર્યા પછી એક સામટી ગ્રાંટ અપાશે.<br>(૩) દરેક સંસ્થામાં દાખલ કરવાના નિવાસીની વધુમાં વધુ સંખ્યા સમાજ સુરક્ષા નિયામક નક્કી કરશે. નિયત સંખ્યા કરતા વધુ નિવાસી માટે ગ્રાંટ મળશે નહીં.<br>(૪) જેને માટે ગ્રાંટની માંગણી થઈ હોય તેવી દરેક વ્યકિત અંગે ગ્રાંટ માટે અરજી કરતી સ્વૈચ્છિક સંસ્થાએ પ્રમાણિત કરવાનું રહેશે કે તેના રોકાણના પૂરા સમય દરમિયાન કે તેના કોઈ ભાગ માટે તે વ્યકિતના સંબંધમાં તેમને ગ્રાંટ, ભેટ કે દાન વગેરે ધ્વારા બીજી કોઈ સહાય મળી નથી.<br>(૫) કોઈ અમુક વર્ષની ગ્રાંટની ગણતરી કરવા માટે તેના મંજુર કરેલ ખર્ચ ઉપરાંત જો આવો વધારો એટલે કે વધારાની આવક સંસ્થા જેના કાયમી હિતાધિકારી હોય તેવા ટ્રસ્ટની આવક, સ્થાનિક સંસ્થા અને અર્ધસરકારી સંસ્થાની ગ્રાંટ સ્થાવર મિલ્કતમાંથી થતી આવક વગેરે જેવા નિયમિત અને આધારભૂત સાધનોમાંથી થતો હોય તો સંસ્થાના ગયા વર્ષના કુલ ખર્ચના ૧૦ ટકા જેટલી વધારાની રકમ સંચાલક મંડળ અનામત ફંડ તરીકે બાજુએ મુકી શકે, તે માટે મંજુર કરાયેલ અને અધિકૃત ગણાયેલ આવા અનામત ફંડની રકમ કોઈપણ સંજોગોમાં રૂા. ૩.૦૦ લાખથી વધશે નહીં અને નિભાવ અને બીજા આવર્તક ખર્ચ માટે સંસ્થા ધ્વારા વાપરી શકાશે. બાંધકામ અને કેપિટલ પ્રકારના બીજા ખાસ હેતુ માટે સંસ્થાને મળતું દાન, ફાળો અનામત ફંડમાં ન લેતાં, બાંધકામ ફંડ વગેરે માટે અલગ રાખવો. અનામત ફંડના હિસાબ એકાઉન્ટન્ટ જનરલ કે સમાજ સુરક્ષા નિયામકના ઑડિટને પાત્ર રહેશે.<br>(૬) ગ્રાંટ મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓએ માસની શરુઆતમાં નિવાસીઓની હાજરી, માસ દરમિયાન નવા દાખલ |

૩૯-

| ૧. | ૨. | ૩. ૨૦ |
|---|---|---|

કરાયેલ અને છુટા કરાયેલ નિવાસીઓ અને માસના અંતે હાજર નિવાસીઓની સંખ્યા દર્શાવતું જ્યાને લગતું ત્રિમાસિક પત્રક આગામી માસનો ૭મી તારીખે નિયમિત રીતે સમાજ સુરક્ષા નિયામકને રજુ કરવાનું રહેશે.

(૭) ગ્રાંટ મેળવતી સ્વૈચ્છિક સંસ્થાઓને લાયસન્સ અધિનિયમ હેઠળ બધા રજિસ્ટર અને પ્રોફોર્મા રાખવાના રહેશે અને સમાજ સુરક્ષા નિયામક કે તેના પ્રતિનિધિ માગે ત્યારે તેમની સમક્ષ તે રજુ કરવાના રહેશે. લાયસન્સ અધિનિયમ માટેના નિયમો હેઠળ જોગવાઈ કરેલ આહાર અને કપડાંના ધોરણ અને બીજી સવલતનું, તકેદારીનું અને ઉધ્ધારનું કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાઓએ ચુસ્ત રીતે પાલન કરવાનું રહેશે. આવા નિવાસીની તાલીમ, તેનું પુનઃસ્થાપન અને અનુસેવા સ્વૈચ્છિક સંસ્થાની જવાબદારી ગણાશે.

(૮) સ્વૈચ્છિક સંસ્થાઓએ તેમને તેમ કરવા જણાવેલી હિસાબ અને ગ્રાંટના ઉપયોગ અંગેનું સંબંધિત રેકર્ડ ગુજરાતના એકાઉન્ટન્ટ જનરલ અથવા સમાજ સુરક્ષા નિયામકના ઑડિટ અધિકારી સમક્ષ રજુ કરવાનું રહેશે.

(૯) ઉપરના ખંડ(૨) અનુસાર નિવાસીને અપાતી ગ્રાંટની મુદત એક વર્ષની રહેશે, પરંતુ નીચેના કેસમાં સમાજ સુરક્ષા નિયામક છ મહિનાથી વધુ નહીં તેટલી વિશેષ મુદતની છુટ આપી શકાશે.

(ક) તબીબી પ્રમાણપત્ર રજુ કરે એ શરતે, નિવાસીની માંદગીના પ્રસંગે.

(ખ) નિવાસી/લાભાર્થીની બદલી કરવાનું કે તેને છુટો કરવાનું તેના હિતમાં ન હોય ત્યાં અથવા,

(ગ) નજીકના ભવિષ્યમાં તેના કુટુંબીજનો તેને અપનાવી લે તેવી સંભાવના હોય અને આ માટે સંસ્થામાં નિવાસીની હાજરી જરુરી જણાય ત્યાં, વિશેષમાં નીચેના કેસમાં એક વર્ષની મુદતમાં બીજા એક વર્ષની છુટ અપાશે.

...૩૦..

| ૧. | ૨. | ૩. |
|---|---|---|
| | | (ઘ) કોઈ કોર્ટની કાર્યવાહી ચાલુ હોય અને તે સ્થળે નિવાસીની હાજરી જરુર જણાય અથવા<br>(ચ) નિવાસીએ શૈક્ષણિક ટેકનીકલ કે વ્યવસાયિક અભ્યાસક્રમ લીધો હોય અને સત્તા ધરાવતા અધિકારી ધ્વારા નિવાસીની પ્રગતિ સંતોષકારક હોવાનું પ્રમાણિત કરાયું હોય. |
| ૪૬. | કન્ટીજન્સી ગ્રાંટ માટે સ્વીકાર્ય બાબતો. | <u>કન્ટીજન્સી ગ્રાંટ માટે સ્વીકાર્ય બાબત</u><br>**૧.** નીચેની બાબતો કન્ટીજન્સી ગ્રાંટ માટે પાત્ર ગણાશે. જે માટે માન્ય ખર્ચના ૯૦ ટકા મુજબ ગ્રાટ ચુકવી શકાશે.<br>૧. માથાનું તેલ, સાબુ, બળતણ વગેરે.<br>૨. કપડાં અને પાથરવા-ઓઢવાની વસ્તુઓ.<br>૩. સ્વૈચ્છિક સંસ્થાને તેનું પોતાનું મકાન ન હોય એ શરતે સંબંધિત કાર્યપાલક ઈજનેરે પ્રમાણિત કરેલુ મકાનભાડું.<br>૪. નિવાસી/લાભાર્થીના શિક્ષણ અને તાલીમ પરનું ખર્ચ.<br>૫. નિવાસી/લાભાર્થી માટે દવા અને તબીબી સવલતો પરનું વ્યાજબી ખર્ચ.<br>૬. દીવાબત્તી, વીજળી અને પાણી અંગેનું વ્યાજબી ખર્ચ.<br>૭. નિવાસી/લાભાર્થીના કલ્યાણ અને મનોરંજન માટે વ્યાજબી ભાવે રાખેતા મુજબનું આકસ્મિક ખર્ચ.<br>૮. સાફસફાઈ ખર્ચ, જંતુનાશક દવાઓ,સફાઈનાં જરુરી સાધનો તથા કર્મચારીની ગેરહાજરી દરમિયાન સફાઈના હેતુ માટે અવેજીમાં રોકેલ કર્મચારીને ચુકવેલ રકમ. |
| ૪૭. | અનામત ફંડ | સંસ્થા પુરાંત એટલે કે ખર્ચ ઉપરની આવકની વધમાંથી અનામત ફંડ ઉભા કરી શકાશે નહીં, પરંતુ ખાસ હેતુ માટે મળતાં દાન, ફાળા વગેરેમાંથી ઉભાં કરેલ અનામત ફંડ કે તેના કોઈપણ ભાગને આ લાગુ પડશે નહીં. |

८१

| ૧. | ૨. | ૩. 21 |
|---|---|---|

૪૮. ગ્રાંટમાં ઘટાડો. આ નિયમ સંગ્રહમાં ઠરાવેલ જોગવાઈનું યોગ્ય રીતે પાલન થતું નથી અને સંસ્થામાં સામાન્ય કાર્યક્ષમતાનું ધોરણ કથળ્યું છે તેવી ખાતરી થાય તો સંચાલક મંડળને યોગ્ય ચેતવણી આપ્યા પછી સમાજ સુરક્ષા નિયામક ગ્રાંટ ઘટાડી શકશે. પરંતુ સમાજ સુરક્ષા નિયામક જેને ગંભીર પ્રકારની ગણતા હોય તેવી સમાજ સુરક્ષા નિયામક બહાર પાડેલ હુકમની સુચનાના અથવા નિયમ સંગ્રહના નિયમ કે નિયમોની જોગવાઈઓના ઉલ્લંઘનના પ્રસંગે પૂર્વ ચેતવણી આપ્યા સિવાય ગ્રાંટ ઘટાડાશે કે પાછી ખેંચાશે. વળી ગંભીર ગેરવહીવટ અને કાર્યક્ષમતા અને શિસ્તના ધોરણો કથળવાના પ્રસંગે કશી પૂર્વ ચેતવણી વિના આંશિક ઘટાડાને કે પૂરેપુરી પાછી ખેંચી લેવાની પાત્ર રહેશે.

<u>વિભાગ - ૯ : સાધન ગ્રાંટ :</u>

૪૯. સાધન ગ્રાટ. સમાજ સુરક્ષા નિયામક દ્વારા માન્ય થયેલ સંસ્થાઓ નીચેની શરતોને આધીન રહીને ખરેખરા કે અંદાજી ખર્ચના ૬૦ ટકાના દરે સાધન, વગેરે માટે અનાવર્તક ગ્રાંટ માટે પણ પાત્ર ગણાશે :

(૧) જેને માટે ગ્રાંટની અપેક્ષા રાખવામાં આવી હોય તેવી ચીજવસ્તુઓ અંગે સમાજ સુરક્ષા નિયામકની પૂર્વ મંજુરી લેવાઈ હોય, પરંતુ શૈક્ષણિક અને તાલીમી સંસ્થાઓને તેમના માન્ય પગાર ખર્ચની ૩% સુધી સાધન સામગ્રીની ખરીદી માટે આવી પૂર્વ મંજુરીની આવશ્યકતા રહેશે નહિ, જે કુલ માન્ય ખર્ચની મર્યાદામાં રહેશે અને તે ઓડિટને પાત્ર રહેશે.

(૨) ગ્રાંટ મળ્યાની તારીખથી ૩ માસની મુદતમાં જે હેતુ માટે તે મંજુર કરાઈ હોય તે હેતુ માટે તેને વાપરવાની રહેશે, નહિતર સમાજ સુરક્ષા નિયામક ખાસ કારણસર તેની મુદત લંબાવે તે સિવાય આવી

| ૧. | ૨. | ૩. |
| --- | --- | --- |
| | | ગ્રાંટ કે તેનો કોઈ ભાગ સમાજ સુરક્ષા નિયામકને યોગ્ય લાગે તે રીતે વસુલાતને પાત્ર રહેશે.<br>(૩) સંસ્થા તાલીમ કે નોકરી માટે સાધનોનો ઉપયોગ કરવા જરુરી સ્ટાફને નોકરીએ રાખે.<br>(૪) સમાજ સુરક્ષા નિયામક ઠરાવે તેવી વધારાની શરતોને આધીન રહીને ગ્રાંટ અપાશે.<br>(૫) જે હેતુ માટે સાધન મેળવ્યા હોય તે હેતુ માટે તેમને વાપરવાનું બંધ થાય તેવા પ્રસંગે તે સરકારને પરત કરવાનાં રહેશે અને ઠરાવ્યા પ્રમાણે આ સાધનોનું રજીસ્ટર રાખી સમાજ સુરક્ષા નિયામકને રજુ કરવાનું રહેશે. તા.૨૦-૪-૧૯૬૫ ના નાણાં વિભાગના સરકારી ઠરાવ નં. એફ.એન.એ.૨/૧૧૬૫/૯૯૭૫-૬૪/૨ સાથેના પત્રકના ખાતા ૫-બ માં દર્શાવેલ નાણાંકીય મર્યાદાને આધીન રહીને સમાજ સુરક્ષા નિયામક નિયમ-૫૦ હેઠળ સાધન ગ્રાંટ મંજુર કરશે. |

<u>વિભાગ - ૧૦ : મકાન ગ્રાંટ તથા બાંધકામની જમીન માટેની ગ્રાંટ</u>

| | | |
| --- | --- | --- |
| ૫૦. | **મકાન ગ્રાંટ અને બાંધકામની જમીન માટેની ગ્રાંટ.** | (૧) **હેતુ** : સમાજ સુરક્ષા નિયામક જમીનની ખરીદી સહિત સંસ્થાના મકાન ઉભા કરવા, ખરીદવા, વિસ્તરવા કે ફરી બાંધવા માટે સંસ્થાના સંચાલક મંડળને મકાન ગ્રાંટ અને બાંધકામની જમીન માટેની ગ્રાંટ આપી શકાશે.<br>(૨) **અરજી** : મકાન ગ્રાંટની અરજી સમાજ સુરક્ષા નિયામકને નિયત ફોર્મમાં (પરિશિષ્ટ-૨) કરવાની રહેશે. સામાન્ય રીતે સ્વીકૃતિનો અગ્રતાક્રમ અને ખરેખર આવશ્યકતા ઉકત હેતુ માટે સંસ્થાએ ખરેખર એકત્ર કરેલ ફંડ અને સંસ્થાએ નવું મકાન કરવામાં સાધેલી પ્રગતિને લક્ષમાં લઈને તેમની વિચારણા કરવામાં આવશે, પણ જુદી જુદી સંસ્થાઓની અને જુદા જુદા વિસ્તારોની જરુરીયાતો ધ્યાનમાં લેતા તેમજ નાણાંની પ્રાપ્યતાને લક્ષમાં લઈને અરજીઓનો નિકાલ કરવાનો |

૮૩

| ૧. | ૨. | ૩. 22 |
|---|---|---|

પૂરો વિવેકાધિકાર ખાતાને રહેશે. આ સંસ્થાઓએ ગ્રાંટ માટે અરજી કરતાં પહેલાં સામાન્ય રીતે મકાનના કુલ કિંમતના ઓછામાં ઓછો ૧/૩ ભાગની રકમ એકત્ર કરી હોવી જોઈએ અને નવા મકાન બાંધવા માટે જમીન મેળવી હોવી જોઈએ.

(૩) દર : વધુમાં વધુ રૂ.૩.૦૦ લાખ અથવા ઉક્ત હેતુ માટે જરુરી જમીનની કિંમત સહિત સૂચિત મકાનની કુલ કિંમતના ૫૦ ટકા એ બેમાંથી ઓછી હોય તે રકમ ગ્રાંટ તરીકે ચુકવી શકાશે. પરંતુ દાન કે બક્ષિસ તરીકે મળેલી જમીન સંબંધિત સંસ્થાનો હિસ્સો ગણવા માટે લક્ષમાં લેવામાં આવશે નહીં. કોઈપણ સ્વૈચ્છિક સંસ્થાએ મકાન બાંધવા માટે ખરીદ કરેલ કોઈપણ જમીનની કિંમત સહાયક ગ્રાંટ માટે પાત્ર થશે. પરંતુ આવી જમીન પર ઉક્ત સંસ્થાએ તેનો ખરેખર કાયદેસર કબજો મળ્યાની તારીખથી એક વર્ષની અંદર મકાનનું બાંધકામ શરુ કરી દેવું જોઈએ. અને જમીનની કિંમતના વ્યાજબીપણા અંગે મહેસુલ અધિકારીનું પ્રમાણપત્ર રજુ કરવું જોઈએ. મકાનની કિંમત કાર્યપાલક ઇજનેરના કિંમત આંકણી પ્રમાણપત્ર પ્રમાણે ગણવામાં આવશે.

**(૪) મકાન ગ્રાંટની જરુરીયાતો :**

મકાન ગ્રાંટ મંજુર કરવામાં આવે તે પહેલાં સમાજ સુરક્ષા નિયામકને નીચેની બાબતોમાં ખાતરી થવી જોઈએ.

૧. જે સાધનો પર આધાર રાખવામાં આવેલ હોય તે સાધનો ખરેખર ઉપલબ્ધ થયા છે તેવી મતલબનો એકરાર અરજી સાથે જોડેલો હોવો જોઈશે.

૨. સંસ્થાએ જે હેતુ માટે ગ્રાંટની માગણી કરી છે તે માટે જ મકાનનું બાંધકામ ઉદ્દિષ્ટ છે અને ઉક્ત હેતુ

૪૫

૧. ૨. - ૩. 23

૪. રજુ થયેલા દસ્તાવેજોના આધારે, મિલકત સાથે પત્રવ્યવહાર કરતા પુખ્ત ઉંમરના હતા.

૫. અને એકમાત્ર માલિક સંયુકત હિંદુ કુટુંબના વહીવટકર્તા અથવા હિન્દુ વિધવા તરીકે કાયદાથી મંજુર થયેલા ખાસ હેતુ માટે મિલકતનું સ્વાર્પણ કરવાની સત્તા ધરાવતા હતા તેમ દર્શાવતો પૂરાવો.

૬. મિલકત ઉપર કોઈ બોજો નથી એમ દર્શાવતો પુરાવો અને ઉકત મિલકતને લગતુ ગ્રામ હકપત્રક અને ગામના રજીસ્ટરો સબરજીસ્ટારો અને જિલ્લા રજિસ્ટાર રેકર્ડની સુચિની સંચાલક મંડળે તેને સંપાદિત કરી તે પહેલાનાં ૧૨ વર્ષ સુધીની વિગતે તપાસેલ છે તે મતલબનું નિવેદન.

૭. પત્રક ફેરફારની નોંધ કરતા રજિસ્ટરો કે કેન્ટોનમેન્ટ, મ્યુનિસિપલ કે ગ્રામ રેકર્ડમાં કે ગ્રામ હકપત્રકમાં કરેલ જમીનને લગતી નિસ્બત ધરાવતી કોઈપણ નોંધોની પ્રમાણિત નકલ.

૮. મિલકત પેટે મુકવેલી કોઈપણ આકારણી કે કરવેરાની અસલ પહોંચો અને,

૯. મિલકતનું સાચું વર્ણન તેના સરવે નંબર અને મિલકતને તથા તેને અડીને આવેલી મિલકતોને અને તેમાં આવેલ મકાનનાં સ્થાને દર્શાવતા હદના નકશા.

૧૦. સ્થાવર મિલકતના કબજા અને કાર્યવાહી સહાયક ગ્રાંટની પહોંચ અને સંસ્થાની વતી મિલકત સંપાદીત કરવા માટે તેમને અધિકૃત કરતા ખત કે બીજા કોઈપણ દસ્તાવેજો કરવાની બાબતને લગતા જે સંસ્થાવતી કામ કરતા હોવાનો તે દાવો કરતા હોય તે સંસ્થાના ઉદ્દેશ પત્ર તથા નિયમાવલિ કે ધારધોરણની નકલ.

૧૧. સંસ્થાની વતી ગ્રાંટ મેળવવાનો અને ટ્રસ્ટના ડીડ કરવાની તેમને સત્તા (હોય તો).

...૩૬..

૪૧

| ૧. | ૨. | ૩. ૨૫ |
|---|---|---|

(૮) ટ્રસ્ટ ડીડ કરી આપવા બાબત :

નિયમ ૪૩(૬) (પરિશિષ્ટ-૩) માં જણાવેલી શરતોની જરુરીયાતો મુજબ સંસ્થાનું સંચાલક મંડળ ટ્રસ્ટ ડીડ કરે નહીં કે કરવા કબૂલ થાય નહીં ત્યાં સુધી મકાન ગ્રાંટનો કોઈપણ ભાગ તેને ચુકવી અપાશે નહીં. તેમ છતાં ટ્રસ્ટ ડીડથી આવરી લેવાયેલ જમા ઉપર જ મકાન ઉભું કરવામાં આવે તો પહોંચ પુરતી ગણાશે.

સંસ્થાઓને મકાન ગ્રાંટ ચુકવવા અંગેના નિયમો

૫૧. **સંસ્થાઓને મકાન ગ્રાંટ ચુકવવા અંગેના નિયમો.**

(૧) સરકારી ગ્રાંટ સામાન્ય રીતે નીચે મુજબ ત્રણ હપ્તે ચુકવવામાં આવશે :

(૧) મકાન ઉમરો સુધી પહોંચે ત્યારે ૨૫ ટકા.

(૨) મકાન છત સુધી પહોંચે ત્યારે બીજા ૫૦ ટકા. (બધુ મળીને ૭૫ ટકા) અને.

(૩) બાકીના ૨૫ ટકા બાંધકામ પૂરું થયાનું અને કિંમત આંકણીનું પ્રમાણપત્ર રજુ કરવામાં આવે ત્યારે.

(૨) નીચેની શરતોનું પાલન થતાં સંસ્થાને સરકારી ગ્રાંટનો પહેલો હપ્તો એટલે કે ૨૫ ટકા ગ્રાંટ મેળવવાને પાત્ર થશે :

(૧) મકાનના બાંધકામના ખર્ચને પહોંચી વળવા સંસ્થાએ તેના ભાગનાં નાણાં ઉભા કર્યાં છે અને તે કોઈપણ સમયે મળી શકે તેમ છે તેવો સંસ્થા તરફથી થતો એકરાર અને ઉક્ત રકમ થાપણ તરીકે જમા છે તેવું બેંકનું પ્રમાણપત્ર.

(૨) નકશા અને અંદાજ મુજબ મકાનનું બાંધકામ ઉમરો સુધી પહોંચ્યુ છે તેવી મતલબનું કાર્યપાલક ઈજનેરનું પ્રમાણપત્ર.

(૩) મકાન છત સુધી પહોંચે ત્યારે નીચેની શરતોનું પાલન થયેથી સંસ્થા બીજો હપ્તો એટલે કે સરકારી ગ્રાંટના બીજા ૫૦% મેળવવાને પાત્ર થશે.

| ૧. | ૨. | ૩. |
| --- | --- | --- |

(૩) નકશા અને અંદાજ મુજબ મકાનનું બાંધકામ છત સુધી પહોંચ્યુ છે તેવી મતલબનું રજુ કરવામાં આવેલ કાર્યપાલક ઇજનેરનું પ્રમાણપત્ર.

(૪) નકશા અને અંદાજ મુજબ મકાનનું બાંધકામ પુરું થયેલ અને નીચેની શરતોનું પાલન થતાં સંસ્થા બાકીની ૨૫% ગ્રાંટ મેળવવાને પાત્ર થશે. :

(૧ નકશા અને અંદાજ મુજબ મકાનનું બાંધકામ પુરું થયું છે તેવી મતલબનું કાર્યપાલક ઇજનેરનું પ્રમાણપત્ર કિંમત આંકણાના પ્રમાણપત્ર સહિત રજુ થયેલી ગ્રાંટ મેળવતી સંસ્થાઓ ઉપર્યુકત શરતોનું પાલન કર્યું છે તેવી મતલબનું પ્રમાણપત્ર દરેક તબકકે હપ્તાને લગતાં મંજુરી હુકમ સાથે જોડવું જોઈએ.

(૫) મુદત :

જેના માટે ગ્રાંટ મેળવવામાં આવી હોય તે મકાનનું બાંધકામ ગ્રાંટ મળ્યાની તારીખથી ૧૨ માસની અંદર પુરું કરી લેવાનું રહેશે. લાયક કેસોમાં સમાજ સુરક્ષા નિયામક ઉકત મુદતમાં વધારો કરી શકશે.

મકાનનું પૂરું બાંધકામ પુરું થયે, મકાન પાછળ કરેલ ખર્ચના ઓડિટ પત્રક અને જે શરતો મુજબ અને જે હેતુ માટે ગ્રાંટ મંજુર કરવામાં આવી હતી, તે શરતો મુજબ અને હેતુ માટે જ તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેવી મતલબનું પ્રમાણપત્ર સમાજ સુરક્ષા નિયામક, અમદાવાદની સમક્ષ રજુ કરવાનું રહેશે.

(૬) મકાન ગ્રાંટ માટેની શરતો :

મકાન ગ્રાંટ માટેની શરતો નીચે મુજબ છે : મંડળો / સંચાલક / ટ્રસ્ટીઓ અને તેના / તેમના ઉત્તરાધિકારીઓએ :

(૧) ગુજરાત સરકારના સમાજ સુરક્ષા ખાતાના તત્પુરતા અમલમાં હોય તેવા ધારાધોરણ મુજબ સંપૂર્ણ રીતે સંસ્થાનું સંચાલન અને વહીવટ કરવાનો રહેશે.

...૩૯..

૮૧-

| ૧. | ૨. | ૩. ૨૬ |
|---|---|---|

(૨) જે હેતુ માટે મકાનની ગ્રાંટ મંજુર કરવામાં આવી હશે તે હેતુ માટે જ તેનો ઉપયોગ કરવાનો રહેશે અને તે/તેઓ કોઈપણ રાજકીય સંસ્થાને સભા ભરવાના કે પ્રચાર વગેરેના હેતુ માટે ઉપયોગ કરવાની પરવાનગી આપી શકશે નહીં.

(૩) મકાનને હંમેશા સારી અને સમરાવેલી હાલતમાં રાખવાનું રહેશે.

(૪) મકાનોની જગા અને મકાનો અંગે નખાતાં કે લેવાતા બધા દર ચાર્જીસ આકારણીઓ અને ખર્ચ મુકવવાના રહેશે.

(૫) ઉકત મકાન સમાજ સુરક્ષા નિયામકના નિરીક્ષણ અધિકારીના કે ગુજરાત સરકારના નિરીક્ષણ સારુ હંમેશ માટે ખુલ્લું રાખવાનું રહેશે.

(૬) સોસાયટી/સંચાલકો/ટ્રસ્ટીઓ તેની/તેમની જરુરીયાત કરતાં વધારે જગા છે એમ લાગે અને તે ભાડે આપવા ઇચ્છે તો તેની ના પાડવાનો સરકારને પ્રથમ હક રહેશે.

(૭) સંસ્થા સંતોષકારક રીતે કામગીરી બજાવતી બંધ થાય તો તેને આપવામાં આવેલી બધી અનાવર્તક ગ્રાંટ સરકારને રીફંડ કરવાની રહેશે અને તેમ કરવામાં કસુર થયેથી સરકારને સંસ્થાની કોઈપણ મિલકત હરાજીથી વેચીને તે વસુલ કરવાનો હકક રહેશે.

(૮) જેના ઉપર સરકારની સહાયક ગ્રાંટ મળતી હોય તેવી કોઈપણ મિલકતનો નિકાલ કરવા, વેચાણ કરવા, ગીરો મુકવા, ઉધાર અથવા પેટે આપવા માટે સરકારની અગાઉથી મંજુરી મેળવવાની રહેશે અને યોજના પડતી મુકાતા કે સંસ્થા સમેટાઈ જતાં આવી જંગમ અને સ્થાવર મિલકત સરકારની માલિકીની બનશે.

(૯) જેને અંગે મકાન ગ્રાંટ આપવામાં આવી હોય તે જગામાં હવે પછી ઉભાં કરાનાર ભોંયતળિયાં સહિતનાં

| ૧. | ૨. | ૩. |
| --- | --- | --- |
| | | પણ પાયા અને ઊભણી સિવાયનાં આવાં મકાન કે મકાન (સિવાય કે જે મકાન કે મકાનોની બાબતમાં આગનું જોખમ વીમો ઉતરાવવા જેટલું ગંભીર નથી એ મતલબનું તે વિભાગના કાર્યપાલક ઇજનેરે પ્રમાણપત્ર કાઢી આપ્યું હોય અને કાર્યપાલક ઇજનેરે લખાણ ધ્વારા તેને રદ કર્યું ન હોય) ની કિંમત જેટલી રકમનો આગ ધ્વારા નુકશાન કે નાશ થવા સામે. સરકાર કે તત્કાળ પૂરતા તેના એજન્ટ માન્ય કરે તેવી કોઈ પ્રતિષ્ઠિત વીમા કચેરીમાં/ મંડળ/ સંચાલકો/ ટ્રસ્ટીઓ અને સરકારના સંયુકત નામે વીમો ઉતરાવી લેવાનો રહેશે અને આ પ્રકારના વીમા અંગે જે પ્રિમિયમ ભરવાનું થાય તે નિયમિત ચુકવવાનું રહેશે અને આ વીમાની જે તે વર્ષની પોલીસી કે પોલીસીઓ અને પ્રિમિયમ ચુકવ્યાની પહોંચો માગવામાં આવ્યેથી તેની સમક્ષ રજુ કરવાની રહેશે. તેમજ અહીં હવે પછી જોગવાઈ કર્યા મુજબ મંડળો/સંચાલકો/ટ્રસ્ટીઓએ આવી વિમાની પોલીસીઓ પરનો હક કે કલેમ ગુમાવ્યો ન હોય તો ઉકત પોલીસી કે પોલીસીઓની રુએ મળે તે બધાં નાણાં, નાશ પામેલ કે નુકશાન થયેલ મકાનોને ફરી બાંધવામાં કે પૂર્વવત કરી આપવામાં વાપરવાનાં રહેશે. |
| ૫૨. | **બાંધકામ જમીન માટેની ગ્રાંટ.** | <u>બાંધકામ જમીન માટેની ગ્રાંટ</u><br>સમાજ સુરક્ષા નિયામક જે સુધારા વધારા સુચવે તેને આધીન રહીને બાંધકામની જમીનની ખરીદી માટેની ગ્રાંટ મકાન ગ્રાંટ માટેના નિયમોની જોગવાઈઓમાં જે પ્રમાણ ઠરાવ્યું છે તે જ પ્રમાણમાં મંજુર કરી શકાશે. મકાન ગ્રાંટ માટે આ વિભાગમાં જણાવેલી શરતો બાંધકામની જમીન માટેની ગ્રાંટની બાબતમાં પણ જરુરી ફેરફાર સાથે લાગુ પડશે. બાંધકામની જમીન માટે ગ્રાંટ આપવામાં આવેલી હોય તે સંસ્થા ત્યારપછી મકાન ગ્રાંટ માટે કામની જમીન માટે ગ્રાંટ આપવામાં આવેલી હોય તે સંસ્થા ત્યાર પછી મકાન ગ્રાંટ માટે અરજી કરે તો બાંધકામની જમીન |

૫૧

| ૧. | ૨. | ૩. ૨૬ |
|---|---|---|
| | | માટે અપાયેલી ગ્રાંટને ગણતરીમાં લેવાશે. મકાન માટે જોઈતી જમીન સરકારની માલિકીની હોય તો તે મફત આપી શકાશે અથવા નિયમ મુજબ ગણતરી કરીને ગ્રાંટની રકમ બાદ કર્યા પછી તેની અંદાજી રકમ, ગ્રાંટ લેનાર પાસેથી વસુલ કરી શકાશે. |

**વિભાગ - ૧૧ : સમાજ સુરક્ષા નિયામકે અને ગ્રાંટ લેતી સંસ્થાઓએ રાખવાના હિસાબ.**

૫૩. **સમાજ સુરક્ષા નિયામકે અને ગ્રાંટ લેતી સંસ્થાઓએ રાખવાના હિસાબ.** સમાજ સુરક્ષા નિયામકે કેવળ સરકારી ગ્રાંટમાંથી કે મહદ્અંશે સરકારી ગ્રાંટમાંથી સંપાદિત કરેલી કાયમી અને અર્ધકાયમી અસ્કયામતોની પરિશિષ્ટ-૪ માં હિસાબ રાખવાનો રહેશે. આ રેકર્ડ કાયમી પ્રકારનું હશે અને પરિશિષ્ટ-૫ માં ગ્રાંટ લેનાર સંસ્થાઓએ પુરી પાડેલી માહિતી પરથી ખતવવાનું રહેશે. રજિસ્ટર એકાઉન્ટન્ટ જનરલના ઓડિટને પાત્ર રહેશે.

૫૪. **મકાનનો વીમો.** જે અંગે મકાન ગ્રાંટ આપવામાં આવી હોય તે મકાનની તેની કિંમતને લક્ષમાં લીધા સિવાય ભોંયતળિયા સહિત, ઉંબરાની ઉપરના ભાગમાં થયેલ બાંધકામની કિંમત જેટલી રકમનો સંચાલક મંડળ અને ગુજરાતના રાજ્યપાલના સંયુકત નામે વીમો ઉતરાવી લેવાનો રહેશે. પરંતુ કાર્યપાલક ઇજનેર, આ જગાનું જોખમ વીમો ઉતરાવવા જેટલું ગંભીર નથી એવા અભિપ્રાય પ્રમાણપત્ર આપે તો તેમ કરવાની જરુર રહેશે નહીં.

**અનુસૂચિ - ૬**

**ખર્ચની માન્ય અને અમાન્ય ઠરતી બાબતો**

૫૫. **માન્ય અને અમાન્ય ખર્ચ.** ૧. સ્ટાફ

(ક) સ્ટાફનો પગાર :

(૧) સંસ્થાનું કદ અને તેના નિવાસીઓને લક્ષમાં લેતાં નિરીક્ષક અધિકારીએ જરુરી ગણેલ સ્ટાફની સં.. પાછળ

| ૧. | ૨. | ૩. |
|---|---|---|

સરકારે ઠરાવેલ મુજબ મંજુર થયેલ પગાર ધોરણ અનુસાર પગાર અને મોંઘવારી ભથ્થા અને બીજા ભથ્થાં (હોય તો) તેમજ જરૂરી જણાવેલ કારકુનો અને નીચલા દરજ્જાના સ્ટાફ પાછળ કરવામાં આવેલ ખરેખર ખર્ચ સહાયક ગ્રાંટ માટે માન્ય ઠરશે.

(૨) પગારની ધોરણસરના દર કરતાં વધુ ઉંચા દરે થતી ચુકવણીને કારણે થતું ખર્ચ ગ્રાંટ માટે માન્ય ઠરતું નથી.

(૩) ફરી નોકરીમાં લીધેલ સરકારી કર્મચારીઓના પગાર ઉપરનું ખર્ચ ગ્રાંટ માટે માન્ય ગણાશે અને તે એકંદરે પેન્શન બાદ કરતા તેમના નિવૃત્તિ સમયના પગાર જેટલું રહેશે.

**ખાસ નોંધ :** એકંદરે પેન્શન એટલે ચોખ્ખું પેન્શન વત્તા ખરચ નિવૃત્તિની ગ્રેજ્યુઈટીની રકમ જેટલું પેન્શન. આ બાબતમાં મુંબઈ મુલકી સેવાના નિયમ-૯ (૪૦) તરફ ધ્યાન દોરવામાં આવે છે.

(ખ) <u>રજા ભથ્થાં</u> :

(૧) પોતાના હાથ નીચે કામ કરતા કર્મચારી વર્ગને ચુકવેલ રજા ભથ્થાં અંગે સંચાલકોએ કરેલ ખર્ચ સહાયક ગ્રાંટ માટે માન્યપાત્ર છે. પરંતુ મંજુર કરેલી રજા, રજાના નિયમો મુજબ હોવી જોઈએ. કારકુનો અને નીચલા દરજ્જાના સ્ટાફનાં રજા ભથ્થાં અંગેનું ખર્ચ પણ સરકારી ગ્રાંટને પાત્ર છે, પણ મંજુર કરેલી રજાના નિયમો મુજબ હોવી જોઈએ.

**ખાસ નોંધ :** રજા ભથ્થા અંગેનું ખર્ચ ખર્ચની યાદીમાં હેડ માસ્તર, શિક્ષકો અને કારકુનોના રજા, પગાર સહિતના ખરેખરા પગાર એ સદર હેઠળ જુદું દર્શાવવું.

(૨) ખરાબ આબોહવામાં આવેલી શાળાએ ખરાબ આબોહવાને કારણે પોતાના સ્ટાફને ચુકવેલ ભથ્થા પાછળ કરેલ ગ્રાંટ માટે માન્ય ગણવું પરંતુ આ ખર્ચ, આવી જગામાં

| ૧. | ૨. | ૩. ૨૭ |
|---|---|---|

મુકાયેલ સરકારી કર્મચારીઓને મળતા ખરાબ આબોહવા ભથ્થા તથા ટ્રાયબલ એલાવન્સ તેમજ સરકારે વખતોવખત માન્ય રાખેલ ભથ્થાથી વધુ હોવું જોઈએ નહીં.

(૩) સરકારે પાણી ભથ્થું મંજુર કર્યું હોય તેવી જગાએ આવેલી સંસ્થાના સ્ટાફના પાણી ભથ્થા પાછળ કરેલ ખર્ચ સરકારી કર્મચારીઓ માટે મંજુર થયેલ દરે ગ્રાંટ માન્ય ઠરશે.

(ગ) નામનો પગાર :

નામનો પગાર ગ્રાંટ માન્ય નથી. જે તે ચુકવ્યા બદલ વાઉચર રજુ કરવામાં આવે છે તે ખરેખર પગાર સરકારી ગ્રાંટ માટે ધ્યાનમાં લેવામાં આવે છે. જમવા અને રહેવા અંગે થતું ખર્ચ કે જેને માટે સ્ટાફનો સહીવાળા ચુકવણી પત્રકો રજુ કરાય છે તે પગારના ભાગરુપ ગણાશે.

(ઘ) શિક્ષકોની તાલીમ :

તાલીમ માટે મોકલેલા શિક્ષકોના ડેપ્યુટેશન ભથ્થાં પેટે કરવામાં આવેલ ખર્ચ નિભાવ ગ્રાંટ માટે માન્ય ઠરે છે. માન્ય તાલીમ અભ્યાસક્રમ માટે મોકલાતા શિક્ષકો અંગે સંસ્થાને નીચેની બાબતોમાં કરેલ ખર્ચ ગ્રાંટ માટે માન્ય ગણાશે.

(૧) સ્ટાફના સભ્યને ફરજ પરના પગારે મોકલવામાં આવ્યા હોય તો પૂરા પગાર અને ભથ્થાનો ચુકવણી.

(૨) ખાતાએ મંજુર કરેલ રજાના નિયમો મુજબ સ્ટાફના સભ્યને ભથ્થાં સહિત રજા આપવામાં આવી હોય તો રજા ભથ્થાંની ચુકવણી.

(૩) વૃત્તિકા કે ઉચક રકમની મદદરુપે ચુકવણી. (કરી હોય તો)

(૪) તાલીમ અભ્યાસક્રમની ફી પેટે કરાયેલ ખર્ચ.

(૫) શિક્ષકને પ્રવાસ ભથ્થાં પેટે કરાયેલ ચુકવણી પાછળ કરવામાં આવેલ ખર્ચ.

૧. ૨. ૩.

(૬) અવેજી વ્યકિતના પગાર અને ભથ્થાં પેટે સંસ્થાએ કરેલ ખર્ચ.

(ચ) <u>પ્રોવિડન્ડ ફંડ</u> :

સંસ્થાએ તેના સ્ટાફના પ્રોવિડન્ડ પેટે ચુકવેલ ફાળો સહાયક ગ્રાંટ માટે માન્ય ગણાશે, પરંતુ શરુઆતમાં આ ખર્ચ સંસ્થાએ ભોગવવાનું રહેશે અને જયારે કર્મચારી નિવૃત્ત થાય ત્યારે તેના પ્રોવિડન્ડ ફંડ અને સંસ્થાએ ચુકવેલ ફાળાની રકમ ગ્રાંટ માટે પાત્ર ગણવામાં આવશે. આ બાબતમાં સમાજ સુરક્ષા નિયામકે વખતોવખત ઘડેલ નિયમો સરકાર પાસે મંજુર કરાવી લેવાના રહેશે.

**૨. ભાડુ, કરવેરા અને વીમો**

(ક) <u>ભાડું</u> :

(૧) સહાયક ગ્રાંટ માટે સંસ્થાના મકાનનું વાજબી ભાડું માન્ય ઠરે છે, પરંતુ તે ખરેખર ચુકવાતું હોવું જોઈશે અને કાર્યપાલક ઈજનેર તરફથી તે વાજબી હોવા અંગેનું પ્રમાણપત્ર મેળવી લેવું જોઈશે.

(૨) સરકારે જેને માટે મકાન ગ્રાંટ ચુકવી હોય તેવા સંસ્થાના મકાન માટે લેવામાં આવતું ભાડું સહાયક ગ્રાંટ માટે માન્ય નથી. તેમ છતાં (ચુકવી લેવાયેલ) મકાન ગ્રાંટથી આવરી ન લેવાયેલ મકાનના ભાગ તેના માન્ય ભાડાના પ્રમાણમાં ગ્રાંટ માટે પાત્ર ગણાશે.

(૩) સંસ્થાની માલિકીનું મકાન હોય તો મકાનની કિંમતના ૭ ટકા સુધીનું વાજબી નામનું ભાડું ગ્રાંટ માટે માન્ય ગણાશે. પરંતુ સંબંધિત વિસ્તારના કાર્યપાલક ઈજનેરે લેખાતું આવતી સરકારી રકમ વાજબી છે. તેવી મતલબનું પ્રમાણપત્ર આપવું જોઈશે.

(૪) સંસ્થા સંચાલક મંડળની માલિકીનાં મકાનમાં બેસતી હોય અને મકાન દાન પેટે આવેલ નાણાંમાંથી

| ૧. | ૨. | ૩. ૨૪ |
|---|---|---|
| | | બાંધવામાં આવ્યું અથવા શાળાના પોતાના ફંડ અથવા સરકારે અન્ય કોઇ એજન્સી પાસેથી લોન લઇને ઉભું કરવામાં આવ્યું હોય અને બાંધકામ ખર્ચ પેટે સરકારે કશી જ રકમ ચુકવી હોય ત્યારે થયેલ ખર્ચના છ ટકાથી વધુ ન હોય તેવું કાર્યપાલક ઇજનેરે વાજબી પ્રમાણિત કરેલું ભાડું સરકારી ગ્રાંટ માટે પાત્ર ઠરશે. |

(ખ) <u>કરવેરા</u> :

(૧) સંસ્થાના મકાન પરના કરવેરા પેટે કરાયેલ ખર્ચ સહાયક ગ્રાંટ માટે માન્ય ગણાશે. પરંતુ ભાડુ ન ચુકવવામાં આવ્યું હોય તેવા સંસ્થાકોય મકાનો અંગે આ ખર્ચનો ખરેખર ચુકવણી કરાતી હોવી જોઇશે.

(૨) ભાડાના મકાનોની બાબતમાં મ્યુનિસિપલ કરવેરા પેટે કરાયેલ ખર્ચ, સહાયક ગ્રાંટ માટે માન્ય ગણાશે.

(૩) ભારત સરકારે મંજુર કરેલ ગ્રાંટમાંથી બાંધવામાં આવેલ મકાનના ભાડા પેટે કરાયેલ ખર્ચ ગ્રાંટ માટે માન્ય ઠરતું નથી.

(ગ) <u>મકાનનો વીમો</u> :

(૧) સંસ્થાનાં માલિકીનાં તેમજ અંશતઃ સરકારી ફંડમાંથી બાંધેલ સંસ્થાના મકાનોના વીમા પેટે કરાયેલ ખર્ચ પણ સહાયક ગ્રાંટ માટે માન્ય ઠરે છે.

(૨) ભાડાના મકાનોના વીમા પેટે કરાયેલ ખર્ચ સહાયક ગ્રાંટ માટે માન્ય ઠરતું નથી.

(૩) સંસ્થાના મકાનના વીમા માટે (કરજમાં આવતી) કિંમતની આંકણી અંગે કાર્યપાલક ઇજનેરે (આપવાના થતાં) પ્રમાણપત્ર પેટે કરાયેલ ખર્ચ અનાવર્તક પ્રકારનું હોઇ સહાયક ગ્રાંટ માટે માન્ય ઠરતું નથી.

(ઘ) <u>ભોજન, કપડાં અને પાગરણ</u> :

નિવાસી સંસ્થામાં ભોજન, કપડાં, પાગરણ મનોરંજન, શિક્ષણ, તબીબી રાહત વગેરે પાછળ કરાયેલ ખર્ચ માન્ય ઠરે છે.

...૪૬..

| ૧. | ૨. | ૩. |
|---|---|---|

૩. કચેરીનુ આકસ્મિક ખર્ચ

(ક) આ ખર્ચનું વ્યાજબી ખર્ચ સહાયક ગ્રાંટ માટે માન્ય ઠરે છે.

(ખ) વર્ષ દીઠ રૂ.૨૦૦૦/- થી વધુ નહીં તેવું લેટર હેડ, પરિપત્રો, નિયમો, વિનિમયો, માહિતીપત્ર તથા વાર્ષિક અહેવાલના છાપકામનું ખર્ચ તેમજ અન્ય પ્રકારનું વાજબી છાપકામ ખર્ચ સહાયક ગ્રાંટ માટે માન્ય ઠરે છે.

(ગ) <u>વાહન</u> : સંસ્થાના કામે સંસ્થાના આકસ્મિક ખર્ચમાંથી વાહન અંગે પાછળ કરવામાં આવેલ ખર્ચ સહાયક ગ્રાંટ માટે માન્ય ગણાશે.

૪. પુસ્તકો અને ઈનામ.

જેના માટે ખાસ ગ્રાંટની માંગણી કરવામાં આવી હોય તેનું ખર્ચ માન્ય છે.

૫. ફર્નિચર અને સાધનસામગ્રી

સંસ્થાની સાધનસામગ્રી જેવી કે ફર્નિચર તથા ગ્રંથાલય, પ્રયોગશાળા અને વર્કશોપના અને હાથ ઉદ્યોગની સામગ્રી સહિત દ્રશ્ય શ્રાવ્ય અને શિક્ષણ વિષયક બીજા આવશ્યક શૈક્ષણિક સાધન, કાચો માલ તેમજ મનોરંજનને લગતાં ઉપકરણ અને સાધન સામગ્રી પાછળ મરામત અને જાળવણી માટે કરાવેલ ખર્ચ જે તે વર્ષના સાધારણ ખર્ચમાં દર્શાવવાનું રહેશે અને તે નિભાવ ગ્રાંટ માટે માન્ય રહેશે. પરંતુ તેમાં શરત એ રહેશે કે આ ખર્ચ સાધન સામગ્રીની કિંમતના ૧૨ ટકાથી વધવું જોઈએ નહીં. અને તે ખર્ચ તે વર્ષના ખર્ચના ઓડિટના માન્ય કરેલ ખર્ચ પ્રમાણે રહેશે. ઉક્ત ૧૨ ટકા ની મર્યાદાથી વધી જતું સાધન સામગ્રી પેટેનું ખર્ચ આ પ્રકારના ખર્ચના ૨૫ ટકા સુધી તદર્થ ગ્રાંટ માટે પાત્ર ઠરશે. આ ગ્રાંટ ખાતુ જે શરતો નકકી કરે તેને આધીન રહીને આપવામાં આવશે.

| ૧. | ૨. | ૩. 29 |
|---|---|---|

(ક) <u>ઈનામ</u> : ઈનામ વિતરણ અંગેનું ખર્ચ (ઈનામની ચીજવસ્તુઓની ખરેખર કિંમત સંસ્થાના ફંડમાંથી ચુકવી હોય તો તે સિવાયનું) સહાયક ગ્રાંટ માટે માન્ય નથી.

(ખ) ફર્નિચર વગેરેના વીમા પેટે કરેલ ખર્ચ ગ્રાંટ માટે માન્ય ગણાશે.

**૬. ચાલુ મરામત**

(ક) ભાડાના ન હોય તેવા સંસ્થાના મકાનનું સામાન્ય મરામત ખર્ચ નીચે પ્રમાણે માન્ય રહેશે.

(૧) ૨૦ વર્ષ કરતા વધારે જુનું મકાન હોય તો મકાનની મૂળ કિંમતના ૫ ટકા અને.

(૨) મકાન ૫ વર્ષથી ૨૦ વર્ષ સુધી જુનું હોય તો મકાનની કિંમતના ૨$\frac{1}{2}$ ટકા લેખે સહાયક ગ્રાંટને પાત્ર રહેશે.

(૩) પ્રથમ પાંચ વર્ષ સુધી નવા મકાનમાં કોઈ મરામતનો ખર્ચ સહાયક ગ્રાંટને પાત્ર નથી.

જેના માટે ભાડાની માંગણી કરવામાં આવી હોય તેવા મકાનની મરામત મકાનના માલિકના શિરે હોવાથી, તેની મરામત પાછળ કરાયેલ ખર્ચ ગ્રાંટ માટે માન્ય નથી.

૫૬. **પ્રકીર્ણ બાબતો.**

<u>પ્રકીર્ણ</u>

૧. કાનુની ખર્ચ : કાનુની ખર્ચ અનાવર્તક ખર્ચ હોવાથી સહાયક ગ્રાંટ માટે માન્ય નથી. તેમ છતાં અપવાદરુપ કેસમાં તેમના ખર્ચની માન્યતા અંગે નિર્ણય આપતા હુકમ મેળવવા માટે વિગતો સાથે સમાજ સુરક્ષા નિયામક સમક્ષ રજુ કરવાં.

૨. છાપકામ ખર્ચ :

(૧) સ્ટાફની ભરતી માટેની જાહેરાત પેટેનું છાપકામ ખર્ચ ગ્રાંટ માટે માન્ય ઠરે છે.

(૨) સંસ્થાને સામાન્ય રીતે જોઈતાં ફોર્મ, રજીસ્ટર

...૪૮...

| ૧. | ૨. | ૩. |
|---|---|---|
| | | વગેરેનું છાપકામ સંબંધિત ખર્ચ સહાયક ગ્રાંટ માટે માન્ય ઠરે છે.<br>૩. વર્તમાનપત્રોનું લવાજમ : સરકારી જાહેરખબરોની મનાઈ કરવામાં આવી હોય તેવા કોઈપણ વાંધાપાત્ર વર્તમાનપત્ર કે વર્તમાનપત્રો પાછળનું લવાજમ ખર્ચ સહાયક ગ્રાંટ માટે માન્ય નથી.<br>૪. ધાર્મિક શિક્ષણ : સંસ્થામાં ધાર્મિક શિક્ષણ પેટે કરવામાં આવેલ ખર્ચ સહાયક ગ્રાંટ માટે માન્ય નથી.<br>૫. લોન વગેરેની ભરપાઈ : અનામત ફંડ ખાતે તબદીલ કરેલ રકમની લોન ભરપાઈ કર્યા બદલ કરવામાં આવેલ ખર્ચ સહાયક ગ્રાંટ માટે માન્ય નથી.<br>૬. વિજળી ખર્ચ : ફકત સંસ્થાકીય હેતુસર પુરી પાડવામાં આવેલ વીજળી શકિત અંગે કરવામાં આવેલ વાજબી ખર્ચ સહાયક ગ્રાંટ માટે માન્ય છે.<br>૨. ભાડાના મકાનમાં વિજળી ગોઠવણ અને વાયરીંગ પેટે કરેલ ખર્ચ ગ્રાંટ માટે માન્ય નથી.<br>૭. ટેલિફોન, તાર અને પોસ્ટેજ ટેલિફોન માટેનું ભાડું હાલમાં ત્રિમાસિક ખર્ચ રૂ. ૩૩૦/- છે એટલે કે વાર્ષિક રૂ.૧૯૮૦/- છે. સ્થાનિક ટેલિફોન કોલના દર પણ સારા પ્રમાણમાં વધ્યા છે. ટેલિફોન બીલો ચુકવવા પેટે સહાયક ગ્રાંટ માન્ય થશે, જે નીચેની વિગતોને આધીન રહે છે.<br>(૧) ટેલિફોન ભાડા માટે રૂ.૨૦૦૦/- વાર્ષિક.<br>(૨) સંસ્થાકીય હેતુ માટે જરુરી એવા સ્થાનિક કોલ પર રૂ.૨૦૦૦/- વાર્ષિક.<br>(૩) એસ.ટી.ડી. કોલ અને ટ્રંકકોલ જે સંસ્થાઓના હિત માટે કરાયા હોય તે પર વધારાના રૂ.૧૦૦૦/- વાર્ષિક.<br>(૪) રૂ.૫૦૦૦/- ની રકમ જો ખરેખર ખર્ચાય તો સહાયક ગ્રાંટ આકસ્મિક ખર્ચના નિયત દરની ટકાવારી પ્રમાણે મર્યાદિત રહેશે. |

૮. પ્રવાસ અને પર્યટનો

સંસ્થાઓમાં રહેતા અને જેઓને રજાઓમાં બહાર જવાનું કોઈ સ્થળ નથી તેવા અંતેવાસીઓ માટેના શૈક્ષણિક પ્રવાસો અને પર્યટનો અને વાજબી ખર્ચ અને સહાયક ગ્રાંટના રૂ.૧૦૦/- અંતેવાસી દીઠ વાર્ષિકના મહતમ દરે અંતેવાસીઓની સંખ્યા, વિગતો, મુલાકાતનું સ્થળ, પ્રવાસના દિવસોની સંખ્યા વિગેરે વિસ્તૃત વિગતો સાથે નિયામકશ્રી, સમાજ સુરક્ષાની પૂર્વ પરવાનગી મેળવ્યા બાદ માન્ય રહેશે.

૯. પ્રકીર્ણ

મજૂરી કે મારફત અંગેની વાજબી ખર્ચ માન્ય બાબત તરીકે ગણાશે.

૧૦. સાંસ્કૃતિક કાર્યક્રમો અથવા વાર્ષિક દિન ઉત્સવનો કે અન્ય કાર્યક્રમો ઉપરનો ખર્ચ વાર્ષિક રૂ.૧૦૦૦/- ની અધિકતમ રકમ સુધીની મર્યાદામાં માન્ય ગણાશે.

૧૧. ઑડિટ ફી

નીચે પ્રમાણે ઑડિટ ફી માન્ય ખર્ચ તરીકે ગણાશે.

(૧) રૂ. ૧ લાખ સુધી ઑડિટ ફી રૂ.૩૦૦/-

(૨) રૂ. ૧ લાખથી ઉપર પરંતુ રૂ. ૫.૦૦ લાખ સુધી રૂ. ૧૦૦૦/-.

(૩) રૂ. ૫ લાખની ઉપર રૂ. ૨,૦૦૦/-.

૧૨. બગીચા કામ અથવા મનોરંજન અથવા ધોળી જોવાત સામે રક્ષણ પરનો ખર્ચ અથવા અદાલતે સોંપેલા બાળકોના રજાઓના ઘર મુલાકાતના પ્રવાસનો ખર્ચ અને છુટતા અંતેવાસીઓને તેઓની રહેઠાંકની જે તે જગ્યાઓએ પહોંચાડવાનો વાજબી ખર્ચ સહાયક ગ્રાંટ પેટે માન્ય ગણાશે.

31

# પરિશિષ્ટ - ૧ (અ)

## નિયમ - ૨

## માન્યતા માટેની અરજીનું ફોર્મ.

પ્રતિ,
નિયામક,
સમાજ સુરક્ષા ખાતુ,
ગુજરાત રાજય,
અમદાવાદ.

**વિષય : માન્યતા**

**સંસ્થાનું નામ :**

શ્રીમાન,

આથી સંસ્થાને માન્યતા આપવા અને સહાયક ગ્રાંટના હેતુ માટે તેની નોંધણી કરવાની વિનંતી કરવામાં આવે છે.

ઉપર્યુકત સંસ્થાને લાગુ પડતા આપના ખાતાના સહાયક ગ્રાંટને લગતા બધા નિયમ મેં કાળજીપૂર્વક વાંચ્યા છે અને ઉકત નિયમસંગ્રહના બધા તેમજ તેમાં વખતોવખત સમાવિષ્ટ કરવામાં આવે તેવા બીજા તમામ નિયમ, તેમજ સમાજ સુરક્ષા નિયામક વખતોવખત આપે તે સુચનાઓનું પાલન કરવા હું કબુલ થાઉ છું

સંસ્થાની વિગત નીચે આપી છે :

૧. સંસ્થાનું નામ અને પૂરું સરનામું :

૨. સંસ્થાનો પ્રકાર.

૩. વર્ગદીઠ નોંધાયેલ નિવાસીઓની સંખ્યા.

૪. તેની સૌથી નજીક આવેલ, તેજ પ્રકારની સરકારી કે બીનસરકારી સંસ્થાનું તેનાથી અંતર.

૫. સંસ્થાની સ્થાપના અને તે ખુલ્લી મુકાયાની તારીખ/સંસ્થા શરુ કરવા માટે સમાજ સુરક્ષા ખાતા તરફથી મળેલ મંજુરી નંબર અને તારીખ:

૬. સંચાલક સમિતિના સભ્યોના નામ, હોદ્દા, વ્યવસાય, અને સરનામા.

૭. મંડળોનું નિયંત્રણ કે સંચાલન કરતી અન્ય સંસ્થાનું નામ.

૮. ૧૯૫૦ના મુંબઈ પબ્લીક ટ્રસ્ટ (બી.પી.ટી.) અધિનિયમ હેઠળ સંચાલક મંડળની નોંધણી કરવામાં આવી હોય તો તેનો નોંધણી નંબર.

૯. તેના બંધારણ માહિતીપત્ર અને છેલ્લા વાર્ષિક અહેવાલની નકલ.

૧૦. પુરા સમયના ઓછા સમયના સ્ટાફની વિગત, નામ, ઉંમર, હોદ્દો, લાયકાત, અનુભવ, હાલનો પગાર, પગારનું ધોરણ, અને માસદીઠ ચુકવાતાં ભથ્થા દર્શાવવા.

૧૧. સંસ્થાની અંદર કે બહાર રોજગારથી વધારાનું વળતર મેળવી આપતી પ્રવૃત્તિઓની વિગત.

૧૨. પ્રવેશ આપવામાં આવેલ જુદી જુદી કક્ષાના નિવાસીઓ પાસેથી લેવામાં આવતી ફીના દર.

૧૩. અરજી પહેલાનાં ૧૨ માસ દરમિયાન મળેલ ફી ની રકમ.

૧૪. આર્થિક સ્થિતિની અને સ્કુલ ફી સિવાયનાં બીજા સાધનોની વિગત.

૧૫. સરેરાશ વાર્ષિક ખર્ચ (મોંઘવારી ભથ્થા સહિત પગાર અને બીજું ખર્ચ)

સ્થળ :

૬૩

## પ રિ શિ ષ્ટ - ૧

32

### સંસ્થા શરુ કરવા માટેની અરજીનું ફોર્મ

પ્રતિ,
નિયામકશ્રી,
સમાજ સુરક્ષા ખાતુ,
ગુજરાત રાજ્ય,
અમદાવાદ.

વિષય : સંસ્થા શરુ કરવાની મંજુરી

ટ્રસ્ટનું નામ :

શ્રીમાન,

અમારું ટ્રસ્ટ/મંડળ ______________________________ માટે સંસ્થા શરુ કરવા ઇચ્છે છે.

ઉપર્યુક્ત સંસ્થાને લાગુ પડતા બાયસન્બોર્ડ એક્ટ અને આપના ખાતાના સહાયક ગ્રાંટને લગતા બધા નિયમો અમે કાળજીપૂર્વક વાંચ્યા છે અને ઉક્ત નિયમસંગ્રહના બધા તેમજ તેમાં વખતોવખત સમાવિષ્ટ કરવામાં આવે તેવા બીજા તમામ નિયમ તેમજ સમાજ સુરક્ષા ખાતાના નિયામક વખતોવખત આપે તે સુચનાઓનું પાલન કરવા અમે કબુલ થઈએ છીએ.

ટ્રસ્ટની વિગત નીચે આપી છે.

૧. ટ્રસ્ટનું નામ અને પૂરેપુરું સરનામું :

૨. પબ્લીક ટ્રસ્ટ એક્ટ નીચે અથવા સોસાયટીના કાયદા નીચેનો રજીસ્ટ્રેશન નંબર અને તારીખ (નકલ સામેલ કરવી)

૩. ટ્રસ્ટના મુખ્ય ઉદ્દેશ :

૪. કયા પ્રકારની સંસ્થા શરુ કરવાની છે ?

૫. સંસ્થા શરુ કરવાનું સ્થળ

૬. સંસ્થામાં દાખલ થનાર અંતેવાસીઓ માટે
જરુરી સર્વે કરવામાં આવેલ છે/અથવા
આવી જરુરીયાત અંગે પુરતી ચકાસણી
કરેલ છે ? વિગતો સામેલ રાખવી.

૭. સંસ્થાની નજીક આવેલ, તે જ પ્રકારની
સરકારી કે બિનસરકારી સંસ્થાનું તેનાથી
અંતર.

૮. પ્રસ્તાવિત સંસ્થા શરુ કરવાની સંભવિત
તારીખ.

૯. પ્રસ્તાવિત સંસ્થાની સંચાલક સમિતિના
સભ્યોના નામ, હોદ્દા, વ્યવસાય અને
સરનામા.

૧૦. સંસ્થાનું બંધારણ અને માહિતીપત્રક
અંતેવાસીઓના સંસ્થામાં પ્રવેશના નિયમોની
સૂચિત નકલ સામેલ રાખેલ છે.

૧૧. પ્રસ્તાવિત સંસ્થામાં અંતેવાસીઓને માટે
ભોજન, શિક્ષણ, તાલીમ અને પુનઃસ્થાપન
ની વ્યવસ્થા શું છે ?

૧૨. અંતેવાસીઓના રહેઠાણ, ભોજન, કપડાં,
શિક્ષણ, તાલીમ, પુનર્સ્થાપિત માટેની
સગવડો ઉભી કરવા આર્થિક અને ભૌતિક
વ્યવસ્થા ઉભી કરવા માટે શું આયોજન છે ?

૧૩. સંસ્થા શરુ કરવા ટ્રસ્ટ પાસે ઉપલબ્ધ
મકાનો, સાધનો, અને આર્થિક સ્થિતિ
(છેલ્લા બે વર્ષના ઓડિટેડ અહેવાલો
(હોય તો) સામેલ રાખવા, તેમજ
બેંક બેલેન્સની વિગતો (હોય તો)
મોકલવો.

સ્થળ :

અરજદારની પૂરી સહી અને હોદ્દો

તારીખ :

: પરિશિષ્ટ :

કોઠો - ૧

કર્મચારી વર્ગનો ઢાંચો

બાળરક્ષા ગૃહ (ઓબ્ઝર્વેશન હોમ)

| ક્ર.નં. | હોદ્દો | પગાર ધોરણ | અંતેવાસીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|---|
| | | | ૧ - ૫૦ | ૫૦ - ૧૦૦ | ૧૦૦ થી ઉપર |
| ૧. | અધિક્ષક | ૧૪૦૦-૨૩૦૦ | ૧ | ૧ | ૧ |
| ૨. | મદદનીશ અજમાયશ અધિકારી | ૧૪૦૦-૨૩૦૦ | - | ૧ | ૨ |
| ૩. | ગૃહમાતા/ગૃહપતિ | ૧૨૦૦-૨૦૪૦ | ૧ | ૧ | ૧ |
| ૪. | જુ. કારકુન | ૯૫૦-૧૫૦૦ | ૧ | ૧ | ૧ |
| ૫. | શિક્ષક | ૯૫૦-૧૫૦૦ | ૧ | ૨ | ૧ |
| ૬. | ગાર્ડ | ૭૫૦-૯૪૦ | ૪ | ૫ | ૬ |
| ૭. | રસોયા | ૭૭૫-૧૦૨૫ | ૧ | ૨ | ૨ |
| ૮. | મદદનીશ રસોયા | ૭૫૦-૯૪૦ | ૧ (૨૫ અંતેવાસી ઉપરની સંખ્યા માટે) | ૧ | ૨ |
| ૯. | મુલાકાતી તબીબી અધિકારી | (રૂ.૫૦૦ નિયત માસિક) | ૧ | ૧ | ૧ |
| ૧૦. | સફાઈ કામદાર | (રૂ.૫૦૦/-નિયત માસિક) | ૧ | ૧ | ૧ |

ભોજન ખર્ચની ગ્રાંટ અંતેવાસી દીઠ માસિક રૂ.૨૨૫/- અથવા ખરેખર ખર્ચ થયો જે ઓછું હોય તે.

આકસ્મિક ખર્ચ ગ્રાંટ : આકસ્મિક ખર્ચ ગ્રાંટ ખર્ચની મંજુર થયેલ બાબતોના ૯૦ ટકાના દરે.

નોંધ : જે સંસ્થામાં સરેરાશ ૧૦૦ કે તેથી વધુ અંતેવાસીઓની હાજરી હોય તેમાં અનુ.(૧) ની જગા ૧૬૪૦-૨૯૦૦ ના પગાર ધોરણની મંજુર કરી શકાશે.

<u>કોઠો - ૨</u>

**સમધારણ સંસ્થાઓ (ફીટ પર્સન ઈન્સ્ટીટ્યુટસ) અને અનાથાશ્રમો**

<u>કર્મચારી વર્ગનો સુધારેલ ઢાંચો</u>

**સમધારણ સંસ્થાઓ (ફીટ પર્સન ઈન્સ્ટીટ્યુટસના) અને અનાથાશ્રમો**

| અંતેવાસીઓની સંખ્યા. | અધિક્ષક ૧૬૪૦-૨૯૦૦ | અધિક્ષક ૧૪૦૦-૨૩૦૦ | ગૃહમાતા/ ગૃહપતિ ૧૨૦૦-૨૦૪૦. | સીનીયર કારકુન ૧૨૦૦-૨૦૪૦. | જુનીયર કારકુન ૯૫૦-૧૫૦૦ | ભાષા શિક્ષક ૯૫૦-૧૫૦૦ | ઉદ્યોગ શિક્ષક ૯૫૦-૧૫૦૦ | ચોકીદાર કમ પટાવાળો ૭૫૦-૯૪૦. | રસોયો ૭૭૫-૧૦૨૫ | મદદનીશ રસોયા ૭૫૦-૯૪૦ | આયા ૭૫૦-૯૪૦ | મુલાકાતી તબીબી અધિકારી માસિક રૂ.૫૦૦ નિયત | મુલાકાતી મનોચિકિત્સક રૂ.૫૦૦ માસિક નિયત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. | ૧૧. | ૧૨. | ૧૩. | ૧૪. |
| ૧-૨૦ | - | - | - | - | - | - | - | - | - | - | નીચે | - | - |
| ૨૧-૫૦ | - | ૧ | ૧ | - | - | - | - | ૧ | ૧ | - | નોંધ | ૧ | - |
| ૫૧-૧૦૦ | - | ૧ | ૧ | - | ૧ | ૧ | - | ૨ | ૧ | ૧ | જોવા | ૧ | ૧ |
| ૧૦૧-૧૫૦ | ૧ | - | ૧ | ૧ | - | ૧ | ૧ | ૩ | ૧ | ૧ | વિનંતી | ૧ | ૧ |
| ૧૫૧-૨૦૦ | ૧ | ૧ | ૧ | ૧ | - | ૧ | ૨ | ૪ | ૧ | ૧ | | ૨ | ૧ |
| ૨૦૧ અને ઉપર | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨ | ૪ | ૧ | ૧ | | ૨ | ૧ |

નોંધ : અંતેવાસીઓની સંખ્યા ધ્યાનમાં લીધા સિવાય એટલે કે ગમે તેટલી સંખ્યા હોય તો પણ સંસ્થા દીઠ ઓછામાં ઓછી એક આયાની નિમણુંક કરી શકાશે. એકથી વધારે આયાની નિમણુંકની પૂર્વ મંજુરી સમાજ સુરક્ષા નિયામક પાસેથી કામનો બોજ, કામના કલાકો અને અંતેવાસીઓની સંખ્યા લક્ષમાં લઈ વધુમાં વધુ ૫ સુધી મંજુર કરી શકાશે. આ પ્રકારના અંતેવાસીઓની ઉંમર ૦-૩ માં આવતાં બાળકો હોય તો સાત બાળક દીઠ આયા મંજુર કરી શકશે.

નોંધ : અંતેવાસીઓની સંખ્યા ૧૨૫ થી ઉપર થાય ત્યાં બીજા તબીબ મળવાપાત્ર ગણાશે.

ભોજનખર્ચની ગ્રાંટ : અંતેવાસીઓના માથાદીઠ રુપિયા ૨૨૫/- માસિક અથવા ખરેખર ખર્ચ જે ઓછું હોય તે.

આકસ્મિક ખર્ચ ગ્રાંટ : માન્ય ખર્ચના ૯૦ ટકાના દરે.

૨૧ થી ૫૦ ની સંખ્યા માટે ૧ ભાષા શિક્ષક-સહ ઉદ્યોગ શિક્ષક મળવાપાત્ર રહેશે. આવશ્યક સેવાઓના સ્ટાફની રજા દરમિયાન નિમવામાં આવેલ વૈકલ્પિક સ્ટાફ માટે કન્ટીજન્સી ગ્રાંટ મળવાપાત્ર રહેશે.

અનાથાશ્રમો માટે અંશઃકાલીન ઝાડુવાળાની જગ્યા મંજુર કરી શકાશે.

પ્રમાણિત સંસ્થાઓ ૧૦૦ ટકા સહાયક ગ્રાંટ લે છે તેના મંજુર થયેલ કર્મચારીઓ માટે, સંસ્થા જો માંગણી કરશે તો, સરકારી ખાતામાંથી પ્રતિનિયુક્ત પર સ્વૈચ્છિક સંસ્થાઓને અપાશે. આ સંસ્થાઓ ૧૦૦ ટકા સહાયક ગ્રાંટ મેળવતી હોઈ પ્રતિનિયુક્ત ભથ્થું પ્રતિનિયુક્ત કરેલ કર્મચારી વર્ગને આપવામાં આવશે નહીં.

ઉપરોક્ત ઢાંચાના કર્મચારી વર્ગની ભરતીના નિયમો સરકારી જગ્યાઓની પધ્ધતિ પ્રમાણે અનુસરશે. ઉપરોક્ત મંજુર કરેલ સર્વે જગાઓને રાજય સરકારે માન્ય ભરતી અને વર્ગીકરણના નિયમો સરખી રીતે લાગુ પડશે અને ઉપરોક્ત જગાઓનો પગાર ભથ્થાઓના દર સરકારી નોકરોની સમકક્ષ દરથી વધારે નહીં રહે. ઉપરાંત કર્મચારી વર્ગનો બદલો થશે અને જગ્યાઓ ઉભી કરવામાં અને ભરવામાં સમાજ સુરક્ષાના નિયામકશ્રીની પ્રથમ મંજુરી લેવાની રહેશે અને તે માટે નિયત પ્રમાણે ધોરણ પ્રમાણેના પુરતા કારણો આપવાના રહેશે.

અનાથાશ્રમના પેટર્નમાં પુરા સમયના શિક્ષકોની જરુરીયાત નથી. પરંતુ બાળકોના શિક્ષણમાં મદદરુપ થવા કોચીંગની વ્યવસ્થા માટે માસમાં રૂ.૫૦૦/- થી રૂ. ૧૦૦૦/- સુધીના માનદ્ વેતનવાળા, સંસ્થાની સંખ્યા અને વર્ગોને ધ્યાનમાં લઈ ૧ થી ૪ સુધી પાર્ટટાઇમ શિક્ષકો મંજુર કરી શકાશે. આથી આવી સંસ્થાઓને કોલમ-૩ માં દર્શાવ્યા મુજબના ભાષા શિક્ષકો મળવાપાત્ર રહેશે નહીં.

અનાથાશ્રમોને કોલમ-૮ મુજબના પુરા સમયના ઉદ્યોગ શિક્ષકો પણ મળવાપાત્ર નથી, પરંતુ ગુણવત્તાના ધોરણે રૂ.૫૦૦/- થી રૂ.૧૦૦૦/- ના માનદ્ વેતનવાળા વધુમાં વધુ ૩ પાર્ટ ટાઇમ ઉદ્યોગ શિક્ષકો મંજુર કરી શકાશે.

34

59

<u>વૃધ્ધાશ્રમ માટે સૂચિત સ્ટાફનું પત્રક</u>

| અ.નં. | અંતેવાસીઓની સંખ્યા | ગૃહપતિ/ ગૃહમાતા ૧૧૫૦-૧૫૦૦ | એટેન્ડન્ટ રૂ. ૭૫૦/- ફીક્સ | રસોયા (પગારધોરણ મુજબ) ૭૭૫-૧૦૨૫ | મદદ. રસોયા ૭૫૦-૯૪૦ | આયા રૂ.૭૫૦/- ફીક્સ | પાર્ટટાઈમ સ્વીપર રૂ.૧૦૦/- ફીક્સ. | પાર્ટટાઈમ મેડીકલ ઓફીસર રૂ.૫૦૦/- ફીક્સ. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૧ થી ૨૦ | - | ૧ | ૧ | - | - | ૧ | ૧ |
| ૨. | ૨૧ થી ૫૦ | ૧ | ૨ | ૧ | - | ૧ | ૧ | ૧ |
| ૩. | ૫૦ થી ઉપર | ૧ | ૩ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |

ભોજન ખર્ચ અંતેવાસી દીઠ માસિક રૂ. ૨૨૫/- અથવા ખરેખર ખર્ચમાંથી જે ઓછું હોય તે કન્ટીજન્સી ખર્ચ - માન્ય ખર્ચના ૯૦ ટકા લેખે.

ભિક્ષુકોના પુનઃસ્થાપનના કાર્યક્રમ હેઠળ સ્વેચ્છાએ આશ્રય ઇચ્છતા વૃધ્ધ નિરાધાર, અશક્તને આશ્રય આપવા વૃધ્ધાશ્રમ જેવા ભિક્ષુક આશ્રય કેન્દ્ર માટે.

આ પ્રકારના ભિક્ષુક આશ્રય કેન્દ્રમાં નીચે જણાવ્યા મુજબ માન્ય સ્ટાફ આપશે.

| અ.નં. | જગા | સંખ્યા | પગાર ધોરણ | નોંધ |
|---|---|---|---|---|
| (૧) | જુનિયર શિક્ષક કમ કલાર્ક | ૧ | ૧૨૦૦-૨૦૪૦ | નોંધ : આ સેટ અપ પૈકી અંતેવાસીઓની સંખ્યા પ્રમાણમાં |
| (૨) | ગાર્ડ (ચોકીદાર) | ૨ | ૭૭૫-૧૦૨૫ | જરૂરી સ્ટાફ સમાજ સુરક્ષા નિયામક ધ્વારા |
| (૩) | સફાઈ કામદાર | ૧ | ૭૫૦-૯૪૦ | મંજુર કરાવવાનો રહેશે. |
| (૪) | મુલાકાતી તબીબ | ૧ | રૂ.૫૦૦/- ફીક્સ. | |
| | કુલ | ૫ | | |

આવા ભિક્ષુક આશ્રય કેન્દ્ર માટે ગ્રાંટનું ધોરણ આ પ્રમાણે રહેશે.

૧. પગાર અને ભથ્થા પેટે ૧૦૦ ટકા.

૨. ભોજન ખર્ચ અંતેવાસીદીઠ રૂ.૨૨૫/- માસિક અથવા જે ખરેખર ખર્ચ થાય તે બે માંથી જે ઓછું હોય તે.

૩. કન્ટીજન્સી ગ્રાંટ : માન્ય ખર્ચના ૯૦ ટકાના દરે.

ગ્રાંટ ઇન એઇડના ધોરણે આવા ભિક્ષુક આશ્રય કેન્દ્રનું સંચાલન જો નગરપાલિકા અથવા સ્વૈચ્છિક સંસ્થા લેવા તૈયાર નહીં થાય અને જરૂરી જણાશે તો આ આશ્રય કેન્દ્ર સરકાર ચલાવશે તેમજ તેનો ખર્ચ સરકાર ભોગવશે.

૩૬ ૫૮

શારીરિક ક્ષતિવાળા અને મંદબુધ્ધિવાળી વ્યકિતઓ માટેની સંસ્થાઓ/અપંગ વ્યકિતઓ માટેની સંસ્થાઓ/અંધજનો માટેની સંસ્થાઓ/બહેરા. મુંગા માટેની સંસ્થાઓ

**કર્મચારી વર્ગનો ઢાંચો**

| અંતેવાસીઓની સંખ્યા સંખ્યા. | ગૃહમાતા/ ગૃહપતિ ૧૨૦૦-૨૦૪૦ | હિસાબનીશ ૧૨૦૦-૨૦૪૦ | જુનીયર કારકુન ૯૫૦-૧૫૦૦ | પરિચર એટેન્ડન્ટ ૭૫૦-૯૪૦ | ચોકીદાર ૭૫૦-૯૪૦ | રસોયા ૭૭૫-૧૦૨૫ | મદદ. રસોયા ૭૫૦-૯૪૦ | ઝાડુવાળા ૭૫૦-૯૪૦ | મુલાકાતી તબીબી અધિકારી ૫૦૦/- નિયત. | પાર્ટટાઇમ સંગીત શિક્ષક રૂ.૫૦૦/- ફીકસ. | પાર્ટટાઇમ પી.ટી. શિક્ષક રૂ.૫૦૦/- ફીકસ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૨.. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. | ૧૧. | ૧૨. |
| ૧ - ૫૦ | ૧ | - | ૧ | ૨૦ અંતેવાસીએ એક. | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૫૧ - ૧૦૦ | ૨ | ૧ | - | '' | ૧ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૧૦૧ - ૨૦૦ | ૩ | ૧ | - | '' | ૧ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૨૦૧ અને ઉપર | ૩ | ૧ | ૧ | '' | ૧ | ૨ | ૨ | ૨ | ૧ | ૧ | ૧ |

આ નિવાસી સંસ્થાઓમાં છોકરા અને છોકરીઓને જુદા વિભાગમાં સંભાળ રાખનાર સ્ટાફ દરેક વિભાગના અંતેવાસીઓની સંખ્યા મુજબ ઉપરના ઢાંચા પ્રમાણે સુધારાશે. ૧૫૦ થી સંખ્યા વધે ત્યારે ૧ મદદ.રસોયો વધુ મળી શકશે. તે જ રીતે ૨૫૦ થી સંખ્યા વધે ત્યારે વધુ ૧ મદદનીશ રસોયો મળી શકશે. વિઝીટીંગ મેડિકલ ઓફીસરની જગા માત્ર રહેણાંકીય સંસ્થાઓ પુરતી મર્યાદિત રહેશે.

**શૈક્ષણિક કર્મચારી વર્ગ :**

(અ) **અંધ શાળાઓ :** ૩૦ થી વધારે અંતેવાસીઓ વાળી અંધ શાળામાં એક મોબીલીટી ઇનસ્ટ્રકટર (૧૪૦૦-૨૩૦૦) અથવા એક ફિઝીયોથેરાપીસ્ટ (૧૬૪૦-૨૯૦૦) અને એક વાદ્ય સંગીત શિક્ષક (૧૨૦૦-૨૦૪૦).

૬૦ થી વધારે વિદ્યાર્થીઓની સંખ્યા હોય ત્યાં એક આચાર્ય (૧૬૪૦-૨૯૦૦). અને ૧૫૦થી વધારે સંખ્યા હોય ત્યાં આચાર્ય (૨૦૦૦-૩૫૦૦).

૧૦ બાળકદીઠ એક મદદનીશ શિક્ષક અને ૨૫ અંધ બાળકો દીઠ એક ઉદ્યોગ શિક્ષક.

(બ) **બહેરામુંગા માટેની શાળાઓ :** ૧૦ બહેરા મુંગા બાળકો દીઠ એક શિક્ષક અને ૨૫ બહેરામુંગા બાળકો દીઠ ૧ ઉદ્યોગ શિક્ષક ૫૦ થી વધારે વિદ્યાર્થીઓની સંખ્યા હોય ત્યાં એક આચાર્ય (૧૬૪૦-૨૯૦૦) અને ૧૫૦ થી વધારે સંખ્યા હોય તો આચાર્ય (૨૦૦૦-૩૫૦૦) ઓડિયો મીટરની સુવિધા હોય અને ૨૫ થી વધુ બાળકોની સંખ્યા હોય ત્યાં ૧ ઓડિયોલોજીસ્ટ (૧૬૪૦-૨૯૦૦)

(ક) **માનસિક ક્ષતિવાળા બાળકો માટેની સંસ્થાઓ**

૭ બાળક દીઠ એક શિક્ષક, ૧૦ બાળક દીઠ એક આયા, દરેક સંસ્થામાં એક ઓક્યુપેશનલ થેરાપીસ્ટ (૧૬૪૦-૨૯૦૦) ૫૦ બાળક કરતાં વધુ સંખ્યા હોય તો એક આચાર્ય (૧૬૪૦-૨૯૦૦).

રહેણાંકીય સંસ્થાઓ માટે એક નર્સ ૯૫૦-૧૫૦૦.

(ડ) **શારીરીક ક્ષતિવાળા માટેની સંસ્થાઓ :** ૩૦ બાળકો દીઠ એક શિક્ષક અને એક ઉદ્યોગ શિક્ષક અથવા ૨૦ બાળકો દીઠ શિક્ષણવર્ગમાં એક શિક્ષક અને ૨૦ બાળકોદીઠ ઉદ્યોગવર્ગમાં એક ઉદ્યોગ શિક્ષક. ૧૦૦ થી વધારે વિદ્યાર્થીઓ હોય ત્યાં એક આચાર્ય (૧૬૪૦-૨૯૦૦).

પગાર અને ભથ્થાઓના ગ્રાંટનો દર સરકારે મંજુર કર્યા પ્રમાણે ૧૦૦ ટકાનો ચાલુ રહેશે. ભોજન ખર્ચ રૂ.૨૨૫/- માસિક અંતેવાસીદીઠ અથવા ખરેખર ખર્ચ જે- ઓછો હોય તે.

આકસ્મિક ખર્ચ માટે ગ્રાંટ માન્ય ખર્ચના ૯૦ ટકાના દરે ચુકવાશે.

મંદબુધ્ધિવાળો વ્યક્તિઓ માટે એક જગ્યા અંશકાલીન મનોવિજ્ઞાનીની અને એક જગ્યા અંશકાલીન મનોચિકિત્સકની પ્રત્યેક રૂ.૫૦૦/- નિયત વેતનથી આપી શકશે.

(ઈ) **શારીરિક ક્ષતિવાળા માટે આશ્રયી / કાર્યશાળા (શેલ્ટર્ડ વર્કશોપ)**

આશ્રયી કાર્યશાળા અને ખાનગી સંસ્થાઓના જે તે સમયે માન્ય થયેલ કર્મચારીગણ અને તેના પગાર ધોરણ અને ભથ્થાઓના હાલનો જે દર છે તે હાલમાં ચાલુ રહે છે અને તેની મર્યાદામાં સંખ્યા પ્રમાણે જરુરી સ્ટાફ સમાજ સુરક્ષા નિયામક પાસે મંજુર કરાવવાનો રહેશે.

(૧) શારીરિક ક્ષતિવાળા માટેની આશ્રયી કાર્યશાળા સાથે સંકળાયેલી નિવાસી સંસ્થાઓ માટે ભોજન ખર્ચનો માસિક રૂ.૨૨૫/- લેખે અથવા ખરેખર ખર્ચ જે ઓછું થાય તે અપાશે.

(૨) આકસ્મિક ખર્ચ માન્ય ખર્ચના ૯૦ ટકાના દરે અપાશે.

(૩) લાભાર્થીઓને રોજગારી પૂરી પાડવા માટે ગ્રાંટના નિયમોમાં સુચવ્યા મુજબ વ્યવસ્થા કરવાની રહેશે.

૭૯

રક્ષણાત્મક નિવારક ઉધ્ધાર ગૃહો (પ્રિવેન્ટીવ રેસ્કયુ સંસ્થાઓ).

કર્મચારી વર્ગનો ઢાંચો.

| અ.નં. | સંખ્યા | અધિક્ષક ૧૪૦૦-૨૩૦૦ | અધિક્ષક કમ પ્રોબે. ઓફીસર ૧૪૦૦-૨૩૦૦ | ગૃહમાતા/ગૃહપતિ કમ ઉદ્યોગ શિક્ષક ૧૨૦૦-૨૦૪૦ | સીનીયર કલાર્ક ૧૨૦૦-૨૦૪૦ | જુનીયર કલાર્ક ૯૫૦-૧૫૦૦ | રસોયા ૭૭૫-૧૦૨૫ | પટાવાળા ૭૫૦-૯૪૦ | સફાઈ કામદાર ૭૫૦-૯૪૦ | મુલાકાતી તબીબી અધિકારી રુ.૫૦૦/- નિયત. | પાર્ટટાઈમ સાઈકોલોજીસ્ટ રુ.૫૦૦/- ફીકસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. | ૯. | ૧૦. | ૧૧. | ૧૨. |
| ૧. | ૧ થી ૨૦ | - | - | ૧ | - | - | - | ૧ | ૧ | ૧ | - |
| ૨. | ૨૧ થી ૫૦ | - | ૧ | ૧ | - | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૧ |
| ૩. | ૫૧ થી ૧૦૦ | ૧ | ૧ | - | - | ૧ | ૧ | ૨ | ૧ | ૧ | ૧ |
| ૪. | ૧૦૦ થી વધુ | ૧ | - | ૧ | ૧ | - | ૨ | ૩ | ૧ | ૧+૧ સંખ્યા થશે તો બીજા તબીબ મળવાપાત્ર થશે. | ૧ |

નોંધ : જે રક્ષણાત્મક કે ઉધ્ધારગૃહો સાથે ઘોડિયાઘરો (ફોન્ડલીંગ હોમ) જોડાયેલા છે ત્યાં ૭ બાળકોએ એક આયા પગાર ધોરણ ૭૫૦-૯૪૦ માં આપવાની છે. ઉપર્યુકત કર્મચારીઓના ઢાંચા પ્રમાણે પગાર અને ભથ્થાઓના ખર્ચના ૧૦૦ ટકાના દરે સહાયક ગ્રાંટ ગણવામાં આવશે. અંતેવાસીદીઠ ભોજન ખર્ચના રુ.૨૨૫/- માસિક અથવા ખરેખર ખર્ચ જે ઓછું હોય તે અપાશે.

આકસ્મિક ખર્ચ ગ્રાંટ માન્ય ખર્ચના ૯૦ ટકાના દરે ચુકવાશે.

આ પ્રકારની સંસ્થાઓ કોઈપણ ઉદ્યોગ, તાલીમ કે પ્રશિક્ષણની વ્યવસ્થાનું આયોજન કરવા માગતી હશે તો તે વર્કશોપ માટે કુલ ખર્ચના ૭૫% અને તે માટે ૦.૨૫ ની સંખ્યા માટે એક ઉદ્યોગ/પ્રશિક્ષક ૨૫ થી વધુ સંખ્યા માટે તે પ્રમાણે બે શિક્ષક ખાસ કિસ્સા તરીકે મંજુર કરી શકાશે. (૧૨૦૦-૨૦૪૦).

## મહિલા મંડળો

કર્મચારી વર્ગનો ઢાંચો

| ક્રમ | જગ્યાનું નામ | કામના કલાકો | પગાર ધોરણ | ગ્રાંટનું ધોરણ |
|---|---|---|---|---|
| ૧. | ટ્રેઈન્ડ શિક્ષિકા | રોજના ૩ કલાક સુધી | રૂા. ૬૦૦/- નિયત | નિયત પગારના ૯૦% |
| | | રોજના ૪ કલાક સુધી | રૂા. ૮૦૦/- નિયત | |
| | | રોજના ૫ કલાક અને તેનાથી વધુ. | રૂા.૧૦૦૦/- નિયત | |
| ૨. | સહાયક (એટેન્ડન્ટ) | ૩ કલાક સુધી | રૂા. ૩૦૦/- નિયત | |
| | | ૪ કલાક સુધી | રૂા. ૪૦૦/- નિયત | |
| | | ૫ કલાક કે તેથી વધુ | રૂા. ૫૦૦/- નિયત | |

નોંધ : અન્ય આકસ્મિક ખર્ચના ૯૦% ગ્રાંટને પાત્ર થશે.

૨. જે મહિલા મંડળના પોતાના મકાનો હોય અથવા તો આ મકાન લોનથી અથવા દાનથી અથવા પોતાના ભંડોળથી બાંધેલ હોય તેવા કેસમાં મકાનના રીપેરીંગ ખર્ચ માટે નીચે પ્રમાણેના રીપેરીંગ ખર્ચ માન્ય કરવામાં આવશે.

મકાન બાંધકામ થયા પછીના ૫ વર્ષ સુધી કાંઈ નહીં.

મકાન બાંધકામ થયા પછીના ૨૦ વર્ષ અને તેથી ઉપરના સમય માટે મકાનની મુળ કિંમતના ૫% રકમ રીપેરીંગ ખર્ચ પેટે દર વર્ષે મંજુર કરી શકાશે.

મકાન ગ્રાંટ : સ્વૈચ્છિક સંસ્થાઓ ધ્વારા ચાલતી સંસ્થાના મકાન બાંધકામ પેટેનો હાલનો ગ્રાંટનો દર ૫૦% રૂા. ૭૫,૦૦૦/- સુધી મર્યાદિત છે. ૫૦ ટકા ગ્રાંટનો દર ચાલુરાખવો જોઈએ. પરંતુ આર્થિક મર્યાદા રૂા. ૩,૦૦,૦૦૦/- કરવી.

ભાડે મકાનોની મરામત : ભાડે મકાનોની મરામત પેટે હાલમાં ગ્રાંટ આપતાં નથી. સંસ્થાએ નામના ભાડાથી રાખેલ મકાનોની મરામતના ખરેખર ખર્ચના ૫૦ ટકાના દરે માન્ય ગણાશે. જો કે તેની મર્યાદા ૫ વર્ષ માટે રૂા.૧૫,૦૦૦/- રહેશે.

પોતાના મકાનોની મરામત : મકાનની કિંમતનો ૨.૫ ટકા મકાન ૫ વર્ષથી ૨૦ વર્ષ સુધી જુનું હોય તો અને ૨૦ વર્ષ કરતાં વધારે જુના મકાન માટે મકાનની મુળ કિંમતના ૫% મરામત માટે માન્ય ગણાશે.

ભાડુ, કરવેરા અને વીમો : સંસ્થાઓના પોતાના મકાનો અને સંસ્થાઓએ લોનથી અથવા દાનથી અથવા ગ્રાંટ આપવા અથવા પોતાના ભંડોળથી બાંધેલ હોય તેવા કેસમાં મકાનની કિંમતના ૬ ટકા સુધીના હાલના દરે ભાડુ માન્ય થશે. આ માન્યતા માટે તે વિસ્તારના કાર્યપાલક ઈજનેર પ્રમાણિત કરશે કે ભાડાની ખર્ચની રકમ વ્યાજબી છે.

૩૭ ૭૩

<u>બાળમાર્ગદર્શન કેન્દ્રો</u> :

બાળ માર્ગદર્શન કેન્દ્રના કર્મચારી વર્ગના ઢાંચામાં ૧ સંગઠક અને ૧ પટાવાળા છે. સંગઠકના પગાર ધોરણ અજમાયશ અધિકારીના રૂ.૧૪૦૦-૨૩૦૦ ના પગાર ધોરણ પ્રમાણે રહેશે. કારણકે સંગઠકની જગ્યાઓની લાયકાતો અજમાયશી અધિકારીની લાયકાતો સમકક્ષ છે; જરૂર જણાયે અથવા સંસ્થા તરફથી માંગણી કરવામાં આવશે તો ખાતા તરફથી અજમાયશી અધિકારીને પ્રતિનિયુકિતથી નિમણુંક આપી શકાશે. પટાવાળાનું પગાર ધોરણ રૂ. ૭૫૦-૯૪૦ રહેશે. સંગઠકની લાયકાતો અને ભરતી નિયમો અજમાયશ અધિકારી માટે છે તેવા જ હોય છે.

કર્મચારીઓના પગાર અને ભથ્થા માટે ૯૦ ટકા અને કન્ટીજન્સી માટે ૯૦ ટકાના દરે સહાય ચુકવાશે. મકાનનું ખરેખર ભાડું અથવા માસિક રૂ.૫૦૦/- નકકી કરવામાં આવે છે. તે પૈકી જે ઓછું હોય તે માટે ૯૦ ટકાના ધોરણે ગ્રાંટ મળવાપાત્ર રહેશે.

**આકસ્મિક ખર્ચ** : આકસ્મિક ખર્ચની ગ્રાંટની મર્યાદા રૂ.૩૦૦/- માસિક કરવામાં આવે છે.

<u>કુટુંબ સલાહ કેન્દ્ર</u> :

<u>કર્મચારી વર્ગનો ઢાંચો</u> :

| અ.નં. | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | પગાર ધોરણ | ગ્રાંટનુ ધોરણ | |
|---|---|---|---|---|---|
| ૧. | સામાજિક કાર્યકર | ૧ | ૧૪૦૦-૨૩૦૦ | પગાર ભથ્થાના ૯૦ ટકા માટે. | જરૂર જણાયે અથવા સંસ્થા તરફથી માંગણી કરવામાં આવશે તો આ જગા પર પ્રતિ-નિયુકિતથી અજમાયશી અધિકારીને નિમણુંક આપી શકશે. |
| ૨. | સહાયક | ૧ | રૂ.૧૫૦૦/- નિયત માસિક. | નિયત પગારના ૯૦ ટકા માટે | |
| ૩. | ઓફીસ એટેન્ડન્ટ | ૧ | રૂ. ૫૦૦/- માસિક | '' | |

<u>નોંધ</u> :

૧. કુટુંબ સલાહ કેન્દ્રની કચેરી માટે રૂ.૫૦૦/- અથવા ખરેખર ભાડું બેમાંથી જે ઓછું હશે તેના ૯૦ ટકા રકમ ગ્રાંટને પાત્ર રહેશે.

૨. કન્ટીજન્સી માટે માસિક રૂ.૪૦૦/- ની મર્યાદામાં ખરેખર ખર્ચના ૯૦ ટકા રકમ ગ્રાંટને પાત્ર રહેશે.

**માનસિક સ્વાસ્થય કેન્દ્ર અંગે સ્ટાફનું પેટર્ન :**

| અ.નં. | જગ્યાનું નામ | સંખ્યા | પગાર ધોરણ | |
|---|---|---|---|---|
| ૧. | સાયકીયાટ્રીક સોશ્યલ વર્કર. | ૧ | ૧૬૪૦-૨૯૦૦ | લાભાર્થીઓની ૩૦થી સંખ્યા વધે ત્યારે એક વધુ પ્લેરુમ વર્કર |
| ૨. | પ્લેરુમ વર્કર | ૧ | ૧૪૦૦-૨૩૦૦ | મળવાપાત્ર થશે. |
| ૩. | પટાવાળા | ૧ | ૭૫૦-૯૪૦ | |
| ૪. | સાયકીયાટ્રીક(પાર્ટટાઈમ) | ૧ | રૂ.૫૦૦/- ફીકસ | |
| ૫. | કલીનીકલ સાયકોલોજીસ્ટ (પાર્ટટાઈમ) | ૧ | રૂ.૫૦૦/-ફીકસ | |

ઉપરોકત સ્ટાફને સરકારી નિયમ મુજબ પગાર અને ભથ્થાં મળશે.

નોંધ : કેન્દ્રમા સરેરાશ ૩૦ કરતાં વધુ લાભાર્થીઓની સંખ્યા હશે તો વધારાના એક પ્લેરુમ વર્કરની જગા મંજુર કરી શકાશે.

**ગ્રાંટનું પેટર્ન :**

| | | |
|---|---|---|
| ૧. | ઉપર સૂચવેલ સ્ટાફના પગાર ભથ્થાનાં | ૧૦૦ ટકા |
| ૨. | માન્ય કન્ટીજન્સી ખર્ચના | ૯૦ ટકા |
| ૩. | ફરનીચર : નોન રીકરીંગ | ૯૦ ટકા |

**શિશુ સંભાળ કેન્દ્ર (ઘોડીયાઘર) માટેનું પેટર્ન (માત્ર સરકારી સંકુલો માટે)**

૩૦ બાળકો માટે ઘોડીયાઘર માટે નીચે મુજબનો સ્ટાફ તેની સામે દર્શાવેલ પગાર ધોરણ અનુસાર રહેશે.

| અ.નં. | જગ્યાનું નામ | સંખ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧. | ઓર્ગેનાઈઝર | ૧ | રૂ.૧૨૦૦-૨૦૪૦ |
| ૨. | આયા (દર દસ બાળકે ૧ મુજબ) | ૩ | રૂ. ૭૫૦-૯૪૦ |
| ૩. | મુલાકાતી તબીબ | ૧ | રૂ. ૫૦૦/- ફીકસ |
| ૪. | સફાઈ કામદાર | ૧ | રૂ. ૫૦૦/- ફીકસ |

38

૭૫

આ મહેકમમાં ઓર્ગેનાઇઝર માટે શૈક્ષણિક લાયકાત એસ.એસ.સી. પાસ અથવા મોન્ટેસરી ટ્રેઇન્ડ ઉપરાંત ઓછામાં ઓછો બે વર્ષનો અનુભવ રહેશે. આયાની જગ્યા જેમ જેમ બાળકોની સંખ્યા થાય તે પ્રમાણે ભરવાની રહેશે.

વોડિયાઘર સ્વૈચ્છિક સંસ્થા મારફત ૧૦૦ ટકા ગ્રાંટના ધોરણે શરુ કરવામાં આવશે. ફીની આવક બાદ કરતાં જે ખર્ચ થાય તે સંસ્થાને ગ્રાંટ ઈન એઈડના ધોરણે ચુકવવાની રહેશે.

આ વોડિયાઘરનું માસિક ફી નું ધોરણ રૂ. ૫૦/- નું રહેશે. ચોથા વર્ગના કર્મચારીઓ માટે કોઈ ફી લેવામાં આવશે નહીં.

<u>પુનઃવસવાટ માટે સહાય</u> :

જીવનમાં સ્થિર થવા માટે શારીરિક ક્ષતિવાળી વ્યક્તિઓના વિવિધ વર્ગને સહાય, કૃત્રિમ અંગો અથવા સાંભળવાના સાધનો અથવા પ્રોસ્થેટિક સાધનો ખરીદવા માટે રૂ.૧૫૦૦/- સુધીની ખરેખર ખર્ચની મર્યાદામાં સહાય ચુકવી શકાય. પાંચ વર્ષ પછી આ જ હેતુ માટે ફરીથી ગુણવત્તાના ધોરણે સહાય ચુકવી શકાશે.

<u>જુદી જુદી સંસ્થાઓમાં છુટતી વ્યક્તિઓને પુનઃવસવાટ માટે ગ્રાંટ.</u>

બાળ સંરક્ષણ ગૃહ, અનાથાલયો, ભિક્ષુકગૃહો, જુવેનાઈલ/સ્પેશ્યલ હોમ, શારીરિક ક્ષતિવાળા માટેની સંસ્થાઓ, સ્ત્રીઓ માટેનાં સંરક્ષણગૃહો અને કેન્દ્રો જેવી સંસ્થાઓમાંથી છુટતા અંતેવાસીઓને અથવા અજમાયશીઓને અથવા પરવાનેદારોને પુનઃવસવાટ માટેની ગ્રાંટ, કેસ દીઠ રૂ.૩૦૦૦/- ખરેખર ખર્ચને આધીન રહીને ચુકવી શકશે.

oooooo